Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५३ आश्विन. आत्म सं. ३२ { अंक ३ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.


१ શ્રી મહાવીર જિન સ્તવન. ... ૫૫
૨ શ્રીમદ્ જગદ્ગુરૂ સૂરિચક્ર ચૂડામણિ વિજયહીર સૂરિશ્વર સ્તુતિ. ... ૫૬
૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૫૭
૪ આપણી ( જૈનોની ) વીરતા ક્યાં ? ૬૩
૫ " મે' માન. " ... ... ... ૬૭
૬ શ્રદ્ધા. ... ... ... ... ૬૮
૭ કેટલાક ઉપયોગી વિચારો... ... ૭૫
૮ " તો શું થયું ? "... ... ... ૭૯
શિખર પરથી દ્રષ્ટિપાત. ... ... ૮૦
૧૦ વર્તમાન સમાચાર, સ્વીકાર અને સમાલોચના... ... ... ... ૮૨
૧૧ પુસ્તક પહોંચ. ... ... ... ૮૪


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચીત.

# ધર્મબિન્દુ ગ્રંથ..

( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

જિન વચનામૃત મહોદધિમાંથી ધુરંધર ગીતારથ પૂર્વાચાર્ય વચન તરંગ બિન્દુ રૂપ ગૃહસ્થ અને યતિધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવનાર અતી ઉપયોગી આ અપૂર્વ ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રંથોના કર્તા તરીકે પ્રખ્યાત છે, તેની કૃતિમાં અદ્ભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે જે વાંચવાથી વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ-સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે. ટુંકામાં કહેવાનું કે આ સંસારમાં પરમ શ્રેય માર્ગે જીવી મોક્ષ પર્યન્ત સાધન પ્રાપ્ત કરવાની શુભ ભાવના ભાવનાર મુનિએ તેમજ ગૃહસ્થે મહાનુભાવ હરિભદ્રસૂરિની પ્રતિભાનો આ પ્રસાદ નિરંતર પ્રાપ્ત કરવા યોગ્ય છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.** ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કપડાની બાઇંડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨-૦-૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું. લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈન આત્માનંદ સભા—ભાવનગર તરફથી

## પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનું

(સંસ્કૃત-માગધી, મૂળ ટીકાના તથા ગુજરાતી ભાષાના ભાષાંતરના તથા જૈન ઐતિહાસિક વગેરે ગ્રંથાનું)

# સૂચીપત્ર.



વીર સંવત ૨૪૫૩ આત્મ સંવત ૩૨ વિક્રમ સંવત ૧૯૮૩

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈનધર્મનાં તમામ ગ્રંથા, જેવા કે-શાહ ભીમશી માણેક-મુંબઇ, શાહ મેઘજી હીરજી-મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ-મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ-જામનગર, સલાત અમૃતલાલ અમરચંદ-પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા-ભાવનગર, વિગેરે પુસ્તકો પ્રકટકર્ત્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ (છબીયો) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો.

(સંસ્કૃત, માગધી અને મૂળ ટીકાના ગ્રંથો.)

| નંબર. | | |
|---|---|---|
| + ૧ | સમવસરણ સ્તવઃ અવચૂરિ | ૦-૧-૦ |
| + ૨ | ક્ષુલ્લકભવાવલી | ૦-૧-૦ |
| + ૩ | લોકનાલિકા દ્વાત્રિંશિકા. | ૦-૨-૦ |
| + ૪ | યોનિસ્તવઃ | ૦-૧-૦ |
| + ૫ | કાલસપ્તતિકા. | ૦-૧-૬ |
| + ૬ | દેહસ્થિતિ. | ૦-૧-૦ |
| + ૭ | સિદ્ધદંડિકા. | ૦-૧-૦ |
| + ૮ | કાય સ્થિતિ. | ૦-૨-૦ |
| + ૯ | ભાવ પ્રકરણ. | ૦-૨-૦ |
| +૧૦ | નવતત્ત્વ ભાષ્ય. | ૦-૧૨-૦ |
| +૧૧ | વિચારપંચાશિકા | ૦-૨-૦ |
| +૧૨ | બંધષટ્ ત્રિંશિકા. | ૦-૨-૦ |
| +૧૩ | પરમાણું પુદ્ગલ, નિગોદ ષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| +૧૪ | શ્રાવકવ્રત ભંગ પ્રકરણ. | ૦-૨-૦ |
| +૧૫ | દેવવંદન ભાષ્ય. | ૦-૫-૦ |
| ૧૬ | સિદ્ધપંચાશિકા. | ૦-૨-૦ |
| ૧૭ | અન્નાયઉંચ્છકુલકમ | ૦-૨-૦ |
| ૧૮ | વિચાર સપ્તતિકા. | ૦-૩-૦ |
| ૧૯ | અલ્પબહુત્વ શ્રી મહાવીર સ્તવ. | ૦-૨-૦ |
| +૨૦ | પંચસૂત્રમ્. | ૦-૬-૦ |
| +૨૧ | શ્રી જંબુચરિત્ર. | ૦-૪-૦ |
| +૨૨ | રત્નપાળનૃપકથા. | ૦-૫-૦ |
| ૨૩ | સુક્ત રત્નાવલી. | ૦-૪-૦ |
| ૨૪ | મેઘદૂત્ત. | ૦-૪-૦ |
| ૨૫ | ચેતોદૂત | ૦-૪-૦ |
| +૨૬ | પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન. | ૦-૬-૦ |
| +૨૭ | ચંપકમાલા કથા. | ૦-૬-૦ |
| +૨૮ | સમ્યક્ત્વકૌમુદિ. | ૦-૧૨-૦ |
| +૨૯ | શ્રાદ્ધગુણવિવરણ. | ૧-૦-૦ |
| +૩૦ | ધર્મરત્ન પ્રકરણ. | ૦-૧૨-૦ |
| +૩૧ | શ્રી કલ્પસૂત્રસુબોધિકા | ૦-૦-૦ |
| +૩૨ | શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. | ૫-૦-૦ |
| +૩૩ | ઉપદેશ સપ્તતિકા. | ૦-૧૩-૦ |
| +૩૪ | કુમારપાળ પ્રબંધ. | ૧-૦-૦ |
| +૩૫ | આચારોપદેશ. | ૦-૩-૦ |
| ૩૬ | રોહિણી અશોકચંદ્ર કથા. | ૦-૨-૦ |
| +૩૭ | ગુરૂગુણષટ્ત્રિંશિકા. | ૦-૧૦-૦ |
| +૩૮ | જ્ઞાનસાર અષ્ટક મૂળ તથા ટીકા. | ૧-૪-૦ |
| +૩૯ | સમયસાર. | ૦-૧૦-૦ |
| +૪૦ | સુકૃતસાગર. | ૦-૧૨-૦ |
| +૪૧ | ધમ્મિલકથા. | ૦-૨-૦ |
| ૪૨ | પ્રતિમાશતક. | ૦-૮-૦ |
| ૪૩ | ધન્ય કથા. | ૦-૨-૦ |
| ૪૪ | ચતુર્વિંશતિજિન સ્તુતિ સંગ્રહ. | ૦-૬-૦ |
| ૪૫ | રોહણેય ચરિત્ર. | ૦-૨-૦ |
| +૪૬ | શ્રી ક્ષેત્રસમાસ | ૧-૦-૦ |
| +૪૭ | બૃહત્ સંઘયણી. | ૨-૮-૦ |
| +૪૮ | શ્રાદ્ધવિધિ. | ૨-૮-૦ |
| +૪૯ | ષટ્દર્શન સમુચ્ચય મૂળ ટીકા | ૩-૦-૦ |
| +૫૦ | પંચસંગ્રહ. | ૩-૮-૦ |
| ૫૧ | સુકૃત સંકિર્તન મહાકાવ્યમ | ૦-૮-૦ |
| +૫૨ | પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. | ૨-૮-૦ |
| +૫૩ | સંબોધસિત્તરી | ૦-૧૦-૦ |
| +૫૪ | કુવલયમાળા. | ૧-૮-૦ |

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલીકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૫ સામાચારી પ્રકરણ ... ... ૦-૮-૦
૫૬ કરૂણાવજ્રાયુદ્ધ નાટક. ... ૦-૪-૦
+૫૭ કુમારપાળ મહાકાવ્યમ્. ... ૦-૮-૦
+૫૮ શ્રી મહાવીર ચરિત્ર ... ... ૧-૦-૦
૫૯ કૌમુદિ મિત્રાણંદ નાટકમ્ ... ૦-૬-૦
૬૦ પ્રબુદ્ધ રોહિણેયમ્ ... ... ૦-૫-૦
૬૧ ધર્માભ્યુદયમ્.... ... ... ૦-૪-૦
+૬૨ પંચનિર્ગ્રન્થી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી પ્રકરણ ... ૦-૬-૦
૬૩ રયણસેહરી કથા. ... ... ૦-૬-૦
૬૪ સિદ્ધ પ્રાભૃત સટીકમ્... ... ૦-૧૦-૦
+૬૫ દાનપ્રદીપ. ... ... ... ૨-૦-૦
૬૬ બંધ હેતૂદયત્રિભંગી પ્રકરણ... ૦-૧૦-૦
૬૭ ધર્મપરિક્ષા. ... ... ... ૧-૦-૦
૬૮ સપ્તતિસત્ સ્થાન પ્રકરણ. ... ૧-૦-૦
૬૯ ચૈત્યવંદન મહાભાષ્ય. ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્ન પદ્ધતિ ... ... ... ૦-૨-૦
૭૧ શ્રી કલ્પસૂત્ર કિરણાવલી. ...
૭૨ યોગદર્શન ( હિંદી ) ... ... ૧-૮-૦
૭૩ મંડલ-પ્રકરણ ... ... ૦-૪-૦
૭૪ દેવેંન્દ્ર નરકેંન્દ્ર પ્રકરણ ... ૦-૧૨-૦
૭૫ સુમુખ નૃપાદિ કથા... ... ૦-૧૧-૦
૭૬ જૈન મેઘદૂત ... ... ... ૨-૦-૦
૭૭ શ્રાવક ધર્મ વિધિ ... ... ૦-૮-૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. ... ... ૩-૦-૦
વસુદેવ હીંડિ છપાય છે.

( વગર નંબરના. )

૧ સુસઢ ચરિત્ર. ... ... ... ૦-૨-૦
૨ શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦
૩ નળ દમયંતી મૂળ. ... ... ભેટ.
× ૪ મેરૂ ત્રયોદશી કથા ... ... ૦-૪-૦
× ૫ સુદર્શના ચરિત્ર (પ્રથમ ભાગ) ૦-૬-૦
× ૬ જલ્પમંજરી... ... ... ૦-૨-૦
× ૭ જૈન વૃત્ત ક્રિયા વિધિ.. ... ભેટ.
× ૮ સાધુઆવસ્યક ક્રિયાના સૂત્રો. ભેટ.

## પ્ર૦ શ્રી કાં૦ જૈન ઐતિહાસિક ગ્રંથ.

+ ૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી. ... ... ૧-૦-૦
+ ૨ કૃપારસકોષ ... ... ૧-૦-૦
+ ૩ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ૦-૧૦-૦
+ ૪ પ્રાચીન જૈન લેખ... ... સંગ્રહ પ્રથમ ભાગ ... ૧-૦-૦
૫ દ્રૌપદી સ્વયંવર નાટક ... ૦-૪-૦
૬ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨ જો.૩-૮-૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર ... કાવ્ય સંચય. ... ... ૨-૧૨-૦

## અન્ય ગ્રંથો.

૧ તત્ત્વ નિર્ણય પ્રાસાદ. ... ૧૦-૦-૦
૨ સિદ્ધાંત મુક્તાવલી. ... ૦-૪-૦
૩ જૈન ભાનુ. ... ... ૦-૮-૦
૪ વિશેષ નિર્ણય. ... ... ૦-૪-૦
૫ વિમલ વિનોદ. ... ... ૦-૧૦-૦
૬ સજ્જન સન્મીત્ર.... ... ૪-૦-૦
૭ અભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. ૨-૪-૦
૮ અભયકુમાર ચરિત્ર ભાગ ૨ જો. ૩-૦-૦
૯ શ્રી ગૌતમ સ્વામીની છબી રંગીન. ૦-૧૦-૦
૧૦ શ્રી મહાવીર સ્વામીની છબી રંગીન. ૦-૮-૦
૧૧ સત્તર ભેદી પૂજા ( હારમોનીયમ નોટેશન-સારીગમ સાથે. ) ... ૦-૪-૦
૧૨ ચૌદ રાજલોક પૂજા. ... ૦-૧-૦
૧૩ સમ્યક દર્શન પૂજા... ... ૦-૧-૦
૧૪ શ્રી નયોપદેશ સંસ્કૃત. ... ૧-૦-૦
૧૫ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ સંસ્કૃત. ૦-૪-૦
૧૬ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ... ૧-૮-૦
૧૭ સઝાય માળા ભાગ ૧ થી ૪ દરેકના... ... ... ... ૨-૦-૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી ભાષાના–ભાષાંતર વગેરેના ગ્રંથો.

૧ જૈન તત્ત્વાદર્શ. ... ... ૫–૦–૦
+ ૨ અજ્ઞાનતિમિરભાસ્કર. ... ૨–૮–૦
૩ ધર્મબિન્દુગ્રંથ. બીજી આવૃત્તિ. ૨–૦–૦
૪ આત્મપ્રબોધગ્રંથ. ... ... ૨–૮–૦
+ ૫ ધ્યાનવિચાર ... ... ૦–૩–૦
૬ શ્રી પ્રકરણ સંગ્રહ. ... ... ૦–૪–૦
૭ શ્રાવક કલ્પતરૂ. ... ... ૦–૬–૦
+ ૮ આત્મોન્નતિ. ... ... ૦-૧૦-૦
+ ૯ પ્રકરણપુષ્પમાળા. ... ... ૦–૬–૦
૧૦ વિવિધ પૂજા સંગ્રહ. ... ... ૧–૮–૦
૧૧ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. ૦–૮–૦
૧૨ કુમારવિહારશતક. ... ... ૧–૮–૦
+૧૩ દેવસીરાઇ પ્રતિક્રમણ. ... ૦–૩–૦
૧૪ હંસવિનોદ. ... ... ... ૦-૧૨-૦
૧૫ પ્રશ્નોત્તર પુષ્પમાળા. ... ૦-૧૪-૦
૧૬ નવતત્ત્વનો સુંદરબોધ. ... ૦-૧૦-૦
૧૭ આત્મવલ્લભ સ્તવનાવળી. ... ૦–૬–૦
૧૮ જીવવિચારવૃત્તિ. ... ... ૦–૬–૦
૧૯ દંડક વિચારવૃત્તિ. ... ... ૦–૮–૦
૨૦ નયમાર્ગદર્શક. ... ... ૦-૧૨-૦
૨૧ જૈન તત્ત્વસાર મૂળ તથા ...
ભાષાંતર. ... ... ... ૦–૬–૦
+૨૨ સદર ભાષાંતર. ... ... ૦–૨–૦
૨૩ મોક્ષપદ સોપાન. ... ... ૦-૧૨-૦
૨૪ શ્રીજંબુસ્વામી ચરિત્ર. ... ૦–૮–૦
૨૫ નવાણુ પ્રકારી પૂજા અર્થ સાથે. ૦–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ. ... ... ૧–૦–૦
૨૭ તપોરત્નમહોદધિ ( તપાવલી )
ભાગ ૧, ૨ જો. ... ... ૧–૦–૦
૨૮ વિવિધપૂજાસંગ્રહ નવી આવૃત્તિ. ૧–૮–૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ. ... ૦–૪–૦
+૩૦ શ્રીશ્રાદ્ધગુણ વિવરણ. ... ૨–૦–૦
૩૧ ચંપકમાલા કથા. ... ... ૦–૮–૦
+૩૨ કુમારપાળ ચરિત્ર. ... ... ૦–૬–૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદિ. ... ... ૧–૦–૦
૩૪ પ્રકરણપુષ્પમાલા. ( ૨ ) ... ૦–૮–૦
+૩૫ અનુયોગ દ્વારસૂત્ર. ... ... ૦–૫–૦
૩૬ અધ્યાત્મ મત પરિક્ષા. ... ૦–૪–૦
૩૭ ગુરૂગુણ છત્રીશિ. ... ... ૦–૬–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવળી. ૦–૫–૦
૩૯ આત્મકાંતિ પ્રકાશ. ... ... ૦–૮–૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ. ... ... ૦–૮–૦
+૪૧ દેવભક્તિમાળા પ્રકરણ. ... ૧–૦–૦
૪૨ ઉપદેશ સપ્તતિકા. ... ... ૧–૦–૦
૪૩ સંબોધ સપ્તતિકા. ... ... ૧–૦–૦
૪૪ પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા. ૧–૮–૦
૪૫ શ્રી નેમનાથ ચરિત્ર. ... ... ૨–૦–૦
૪૬ સુમુખ નૃપાદિ કથા. ... ... ૧–૦–૦
૪૭ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧લો. ૨–૦–૦
૪૮ આદર્શ જૈન સ્ત્રીરત્નો. ... ૧–૦–૦
૪૯ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો. ૨–૮–૦
૫૦ દાન પ્રદીપ. ... ... ... ૩–૦–૦
૫૧ શ્રીનવપદજી પૂજા અથ સહિત. ૧–૪–૦
૫૨ કાવ્ય સુધાકર... ... ... ૨–૮–૦
૫૩ આચારોપદેશ... ... ... ૦–૮–૦
૫૪ ધર્મ રત્ન પ્રકરણ. ... ... ૧–૦–૦
૫૫ પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત. ૧-૧૨-૦
૫૬ આત્મવિશુદ્ધિ ... ... ... ૦–૬–૦
૫૭ શ્રી કુમારપાળ પ્રતિબોધ. ... ૩-૧૨-૦
શ્રીવિમલનાથ ચરિત્ર છપાય છે.
શ્રીપ્રભાવક ચરિત્ર. ”

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५३. आश्विन. आत्म संवत् ३२ { अंक ३ जो.

## श्री महावीर जिन स्तवनम्

राग गजल कव्वाली—( आसक तो हो रहा हु. )

शिवदं त्वदीयचरणं, विमलं करोमि शरणम् ॥ शिवदं ॥

मनसा गतैनसाऽहंकारेण वर्जितोऽहम् ।
दुरितं निवारयाऽलं, जगदीश पादकमलम् ॥ शिवदं ॥ १ ॥

भजतां हि तावकीनं, लघुमोदतो विहीनम् ।
करुणामय स्वभावं, विकसन्महाप्रभावम् ॥ शिवदं ॥ २ ॥

विज्ञान तत्वनिचितं, भव्यात्मनां सुरुचितम् ।
महावीर! तावकीनं, जयमेति शासनं वै ॥ शिवदं ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तव शासनं वहन्तः सुख भागिनो महान्तः ॥
पदमुच्चमेव यान्ति, तरंति चाघनीरम् ॥ शिवदं ॥ ४ ॥

भगवँस्त्वयाति चराडो,-भुजगः समुध्दृतोऽभूत् ।
शरणागतस्य रक्षिन् !, कुरु मामपि प्रसन्नम् ॥ शिवदं ॥ ५ ॥

त्रायस्व दीनमनसं, तीर्थाधिनाथ ! विषयात् ।
सुखदं सदैव धेहि, सुकृतं सतां हि रु चिरम् ॥ शिवदं ॥ ६ ॥

अजितोदधेः कृतेयं, भवतास्तुतिर्विधार्या ।
मम भावनेति सिद्धा, भवताद्धि सौख्यबद्धा ॥ शिवदं ॥ ७ ॥

ले० अजित.

## श्रीमद् जगद्गुरुसूरिचक्र चूडामणि विजयहीरसूरीश्वर स्तुति

( कव्वाली रागेण गीयते )

गुरु श्रीहीरसूरीन्द्रो-जयत्यत्रानतः सर्वैः,
विशुद्धज्ञानसद्भक्ता, नतानां देहिनां त्राता ।
भवभ्रान्ति चपाभानुः, क्षितीशानां समुद्धर्त्ता ॥ गुरुश्री ॥ १ ॥

शुभं जैनागमस्थार्थं, विदित्वा सर्वजन्तूनां,
हितार्थैवोपदेशेन, प्रकामं स्वार्थकं चक्रे ॥ गुरुश्री ॥ २ ॥

गुणा येषां स्मृता नित्यं, पवित्राः प्राणिनां पापं,
समूलं नाशयत्यद्धा, ततोऽहं तद्गुणाधीनः ॥ गुरुश्री ॥ ३ ॥

इदानीं तत्समस्त्राता, न लोके भासते भव्यः,
अतस्तं भावतो नौमि, कलिक्लेशैकनिर्वारम् ॥ गुरुश्री ॥ ४ ॥

अजितसूरिः सदा स्तोतुं त्वदीयं शुद्ध गुणवृन्दं,
समुत्साहं समाधत्ते, सकलसंघोपकाराय ॥ गुरुश्री ॥ ५ ॥

भा. शु. ११ विजापुर. ले० अजित.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એકાદશ અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પ્રથમના પા૦ ૨૦ થી શરૂ. )

## શ્રી આચારાંગ સૂત્ર ચૂલિકા. ૩ જી અધ્યયન ૨૪ મું *

## શ્રી મહાવીર ચરિત્ર

૯૯૦ તે કાલ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીર પાંચ ઉત્તરા ફાલ્ગુનીમાં થયા. અર્થાત્ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચવ્યા–ચવીને ગર્ભમાં આવ્યા. ઉત્તરા ફાલ્ગુનીમાં એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સંહરાયા, ઉત્તરા ફાલ્ગુનીમાં જન્મ્યા, ઉત્તરા ફાલ્ગુની સર્વથી સર્વ રીતે મુંડ થઇને અગારનો ત્યાગ કરી અણગાર થયા ( દિક્ષા લીધી ) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સંપૂર્ણ પ્રતિપૂર્ણ વ્યાઘાત રહિત આવરણ રહિત અનંત અને ઉત્કૃષ્ટ એવા કેવલ જ્ઞાન દર્શન ઉપ્તન્ન થયા અને ભગવાન સ્વાતિ નક્ષત્રમાં નિવાર્ણ પદ પામ્યા.

૯૯૧–શ્રમણભગવાન મહાવીર. આ અવસર્પિણી (કાળના) સુષમ, સુષમ, સુષમ, અને સુષમ દુઃષમઆરા સંપૂર્ણ વ્યતિક્રાંત થયા પછી દુઃષમ સુષમ આરો ઘણો ગયેલ છે તે ( તેજ આરાના ) પંચોતેર વર્ષ અને સાડા આઠ માસ બાકી રહેતાં જે ગ્રીષ્મ ( કાળ ) નો ચોથો માસ આઠમો પક્ષ અષાડ શુદિ છઠ્ઠને દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો ( ચંદ્ર સાથે ) યોગ આવતાં જેનાં નામો **મહા**

* શ્રી આચારાંગ સૂત્ર. આગમોદય સમીતિવાળું સંપૂર્ણ નહીં મળવાથી અહીં પ્રો૦ રવજી દેવરાજે છાપેલ સૂત્રના આધારે લખાણ કર્યું છે. અને સૂત્રાંકો પણ તેનાજ ટાંકયા છે. **વિશેષ**=શરીર સૂત્ર ૧૫. ૪૬. વનસ્પતિ અને શરીર. ૪૪. બળ. ૮૧, અનાર્ય–આર્ય પ્રશ્ન-૨૩૯ થી, ૨૪૨, મોક્ષ–૩૩૦ થી ૩૩૩, એકાંતવાદ–૩૯૬. ઉપાશ્રય શબ્દ–૬૫૦–૮૮૧–આભરણો–૮૨૦ કાળાદિ જ્ઞાન ૧૨૬ઊપધી–૧૨૭ મહોત્સવો ૫૪૩–૯૬૬. ફલના રસો–૫૯૪ થી ૬૧૩ અગ્નિ. ૬૬૪. વ્યાકરણ નિયમો ૭૬૮–૬૯–૭૦ શબ્દ–૭૭૩, આમંત્રણ ૭૭૫ થી ૭૭૮ કપડાં–૮૦૨, થી ૮૧૧, વાસણ ૮૪૫–૪૬–૪૭, કોકણ દેશની વૃષ્ટિ–૮૬૯, ટીકા. વાદ્યો–૯૪૯ થી ૯૫૨, ફૂલ ગુંથણી–૯૬૯, આજ્ઞા–૧૦૮૦, ધાન્ય–૯૩૫, હિતવચનો અને કાયદા–૨૦૯ થી ૨૧૬. ૨૨૫ થી. ૨૩૨, ૨૫૫, ૨૬૭, ૩૦૧, ૩૧૪, ૩૨૧, ૩૪૧, ૩૪૨, ૩૯૩, ૬૯૯, ૪૦૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિજય**, સિદ્ધાર્થ, પુષ્પોત્તર, પ્રવર પુંડરિક, દિશા સૌવસ્તિક, અને વર્ધમાન છે એવા મહા વિમાનમાંથી વીશ સાગરોપમનું આયુષ્ય પાળીને આયુષ્ય, ભવ, અને સ્થિતિનો ક્ષય થવાથી ચવ્યા અને ચ્યવીને આ જંબુદ્વિપના ભરતક્ષેત્રના, દક્ષિણાર્ધભરતમાં દક્ષિણના બ્રાહ્મણકુંડ સન્નિવેશમાં કોડાલ, ગોત્રિય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધરાયન ગોત્રિ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સિંહના બચ્ચાંની માફક ( ભગવાન ) અવતર્યા.

૯૯૨–આ વખતે શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાનવાળા હતા. તથા હું ચ્યવીશ એમ જાણે છે. ચવ્યો એમ પણ જાણે છે માત્ર ચ્યવુ છું ( જ્યારે ચ્યવન થાય ત્યારે મારે ચ્યવવાની ક્રિયા થાય છે ) એમ જાણતા નથી. કેમકે તે ( ચ્યવન નો ) કાળ સૂક્ષ્મ હોય છે.

૯૯૩–પછી બ્યાશી રાત્રિ દિવસ વહી જતાં ત્યાશીમો અહોરાત્ર હતો ત્યારે વર્ષા ઋતુના ત્રીજા મહિનામાં પાંચમા પક્ષમાં આસો વદી તેરસને દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ભક્તિવાળા દેવે “ મારો આ ( ગર્ભ પરાવર્તન કરવું તે ) આચાર છે ” એમ માનીને શ્રમણ ભગવાન મહાવીરને દક્ષિણના બ્રાહ્મણ કુંડ સન્નિવેશમાંથી ઉપાડીને ઉત્તર તરફ ક્ષત્રિયકુંડ સન્નિવેશમાં વસતા જ્ઞાત જાતિના કાશ્યપ ગોત્રિય સિદ્ધાર્થ ક્ષત્રિયની પત્ની વાસિષ્ટ ગોત્રવાળી ત્રિશલા ક્ષત્રિઆણીના અશુભ પુગદ્લો દૂર કરી શુભ પુદ્ગલોની પ્રક્ષેપ કરી તેનીજ કુક્ષિમાં ગર્ભપણે સ્થાપ્યા. અને ત્રિશલા ક્ષત્રિઆણીની કુખમાં જે ગર્ભ હતો તેને દક્ષિણના બ્રાહ્મણ કુંડ સંન્નિવેશમાં રહેનારા કોડાલ ગોત્રિય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધરાયન ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે મૂકયો. * ૨

૯૯૪–હે આયુષ્મન શ્રમણ ! શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાનવાળા હતા, જેથી સંહરણ કરાઈશ. એમ જાણતા હતા. મારૂં સંહરણ થયું છે એમ જાણતા હતા, અને મારૂં સંહરણ થાય છે તે પણ જાણતા હતા.

૯૯૫–તે કાળને તે સમયને વિષે અન્યદા નવ મહિના અને સાડાસાત અહોરાત્રિ વ્યતીત થતાં ગ્રીષ્મના પહેલા મહિનાના બીજા પક્ષમાં ચૈત્ર શુદિ તેરશે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં આરોગ્ય વાળી ત્રિશલા ક્ષત્રિઆણીએ ક્ષેમ કુશળથી શ્રમણ ભગવાન મહાવીરને જન્મ આપ્યો.

૯૯૬–ત્રિશલા ક્ષત્રિઆણીએ જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીરને જન્મ આપ્યો તેજ રાત્રિએ ભુવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષ્ક અને વૈમાનિક દેવદેવી

* ૨ ગર્ભા પહાર માટે જુઓ–સ્થાનાંગ–૧૦–૭૭૭, સમવાયાંગ-સૂત્ર ૮૨–૮૩, ભગવતિ-જી શતક. ૫. ઉ. ૪ સૂત્ર ૧૮૭. ( ભ૦ ૧–૭–૬૨, ભ૦ ૩૩, ભ૦ ૨–૫–૧૦૧ થી ૧૦૬ તંદુલવૈચારિક પ્રકીર્ણક ) અને કલ્પસૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના ઉતરવા ચડવાથી ( આવવા-જવાથી ) એક મોટો દિવ્ય ઉદ્યોત દેવસમાગમ દેવોનો કોલાહલ અને વ્યગ્રભાવ ( ઉત્સાહ ) થઇ રહ્યો.

૯૯૭—જે રાત્રે ત્રિશલા ક્ષત્રિઆણીએ શ્રમણ ભગવાન મહાવીરને જન્મ આપ્યો તે રાત્રે ઘણા દેવો અને દેવીઓએ એક મોટો અમૃતનો વરસાદ ગંધનો વરસાદ, ચૂર્ણનો વરસાદ, ફુલોનો વરસાદ, હિરણ્યનો વરસાદ અને રત્નોનો વરસાદ વરસાવ્યો.

૯૯૮—જે રાત્રિને વિષે શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ, થયો તે રાત્રે ભુવનપતિ વાણવ્યંતર–જ્યોતિષી અને વિમાનવાસી દેવોએ તથા દેવીઓએ કૌતુક–ભૂતિ કર્મ અને તિર્થંકરાભિષેક કર્યો.

૯૯૯—જ્યારથી ભગવાન મહાવીર ત્રિશલા ક્ષત્રિઆણીની કુક્ષિમાં ગર્ભ-પણે આવ્યા ત્યારથી આ કુલ ઘણાં હિરણ્ય, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતિ, શંખ, શિલા, અને પરવાળથી અતિશય વૃદ્ધિ પામતું હતું. જેથી શ્રમણ ભગ-વાન મહાવીરના માતા પિતાએ આ બનાવને ખ્યાલમાં લઇને દશ દિવસ જતાં ચોકખા અને પવિત્ર થઇને ઘણાં અશનં–પાન–ખાદિમ અને સ્વાદિમ પદાર્થો તૈયાર કરાવ્યા. આરોગવાનાં, પીવાનાં, ખાવાનાં, અને મુખવાસનાં ઘણા પદાર્થો તૈયાર કરાવીને મિત્ર, જ્ઞાતિય, સ્વજન અને સંબંધી વર્ગને આમંત્રણ કર્યું. તેઓને નોતરીને ઘણાં બાવા, બ્રાહ્મણ, કૃપણ, રખડતા ભીખારી, આંધળા પાંગળા અને રોગીઓને દાન કર્યું–ખુશી કર્યા (?). એ બધું કરીને મિત્રોને જાતિનાને સગાને અને સંબંધિયોને જમાડયા. મિત્ર–જ્ઞાતિ–સ્વજન–સંબંધી–વર્ગને જમા-ડીને તેઓની સાથે આ પ્રમાણે નામ પાડયું કે આ કુમાર જ્યારથી ત્રિશલા ક્ષત્રિઆણીની કુક્ષિમાં ગર્ભપણે આવ્યો ત્યારથી અમારૂં કુલ ઘણાં હિરણ્યો, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, શિલા, અને પ્રવાલોથી અતિશય–અતિશય વૃદ્ધિ પામે છે. માટે આ કુમારનું નામ “ **વર્ધમાન** ” હો.

૧૦૦૦—હવે દૂધ ધવરાવનાર ધાત્રી, નવરાવનાર ધાત્રી, શણગારનાર ધાત્રી, ખેલાવનાર ધાત્રી, અને ખોળામાં રક્ષણ કરનાર ધાત્રી એમ પાંચ ધાત્રીઓવડે પરિવર્યાથકા એકના ખોળામાંથી બીજાના ખોળામાં જતા થકા શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે ગીરિગુફામાં રહેલ ચંપક વૃક્ષની પેઠે રત્ન વિગેરેથી બાંધેલ તળીઆવાળા રાજમહેલમાં રહી વધે છે.

૧૦૦૧—ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર બાળભાવને ઓળંગી જતાં વિજ્ઞાની થતાં અનુત્સુકપણે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ એ પાંચ લક્ષણવાળા ઉત્તમ પ્રકારના કામભોગોને ભોગવતા કાળ નિર્ગમન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૦૨—શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રવાળા હતા તેના આ ત્રણ નામ હતા, ૧–માત પિતાએ આપેલ નામ—" વર્ધમાન " ૨–સ્વાભાવિક ગુણોથી પડેલ નામ. " શ્રમણ " અને ૩—ભયંકર ભયભૈરવ પ્રશસ્ત અચેલકતા ઇત્યાદિ પરિસહોને સહન કરનારા હોવાથી દેવોએ નામ આપ્યું " શ્રમણ ભગવાન મહાવીર. "

૧૦૦૩—શ્રમણ ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના હતા તેના ત્રણ નામો છે. ૧–સિદ્ધાર્થ, ૨–શ્રેયાંસ, ૩–યશસ્વી.

૧૦૦૪—શ્રમણ ભગવાન મહાવીરની માતા વસિષ્ટ ગોત્રી હતા. તેનાં ત્રિશલા વિદેહદિન્ના અને પ્રિયકારિણી એ ત્રણ નામ છે.

૧૦૦૫—શ્રમણ ભગવાન મહાવીરના કાકા " સુપાર્શ્વ. " કાશ્યપ ગોત્રી હતા. શ્રમણ ભગવાન મહાવીરના મોટાભાઇ " નંદિ વર્ધન " કાશ્યપ ગોત્રી હતા. શ્રમણ ભગવાન મહાવીરની મોટી બેન "સુદર્શના" કાશ્યપ ગોત્રીયા હતી. શ્રમણ ભગવાન મહાવીરની પત્ની " યશોદા " કૌડિન્ય ગોત્રવાળી હતી. શ્રમણ ભગવાન મહાવીરની પુત્રી કાશ્યપ ગોત્રની હતી. તેના બે નામ છે. ૧–અનવદ્યા, ૨–પ્રિયદર્શના. શ્રમણ ભગવાન મહાવીરની દૌહિત્રી કૌશિક ગોત્રની હતી. તેના બે નામો છે. ૧–શેષવતી, ૨–યશોમતી * ૩

૧૦૦૬—શ્રમણ ભગવાન મહાવીરના માતા પિતા પાર્શ્વ સંતાનિય ( સાધુ ) ના શ્રમણોપાસક હતા. તેમણે ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક માર્ગને અનુસરીને છ જીવનિકાયના સંરક્ષણ માટે, ( પાપની ) આલોચના નિંદા ગર્હણા તથા પ્રતિક્રમણ કરીને યથાયોગ્ય ઉત્તર ગુણનું પ્રાયશ્ચિત્ત લઇને દર્ભના શયનપર બેસી આહારનો ત્યાગ કર્યો, અને તેઓ અનશન કરી છેલ્લા મરણ સુધીના દેહશોષણ વડે શુષ્ક શરીરવાળા બની, મૃત્યુના અવસરે મૃત્યુ પામી, તે શરીરને વિછોડી અચ્યુતકલ્પ ( દેવલોક ) માં દેવપણે ઉત્પન્ન થયા. તેઓ ત્યાંથી દેવાયુષ્ય તથા દેવ સ્થિતિનો ક્ષય થવાથી ચ્યવિને મહાવિદેહ ક્ષેત્રમાં ( જન્મી જીંદગીના ) છેલ્લા શ્વાસોશ્વાસોમાં સિજ્ઝશે. બુદ્ધ થશે, મુક્ત થશે, નિર્વાણ પામશે, અને સર્વ દુઃખોનો અંત કરશે.

૧૦૦૭—તે કાળ અને તે સમયને વિષે પ્રસિદ્ધ, જ્ઞાતપુત્ર, જ્ઞાતકુલિન, વિશિષ્ટદેહવાળા ત્રિશલાપુત્ર કંદર્પજેતા અને કોમલ ગૃહસ્થ જીવનવાળા એવા શ્રમણ ભગવાન મહાવીરે વિદેહભાવે ત્રીશ વર્ષ સુધી ઘરવાસમાં વસીને, માતા અને પિતા કાળ કરીને સ્વર્ગમાં ગયા એટલે પ્રતિજ્ઞા પૂરી થવાથી, હિરણ્ય, સોનું,

* ૩ ગોત્રના મૂળ ભેદો અને પેટા ભેદો માટે જુઓ સ્થાનાંગ સૂત્ર સ્થાન–૭ મું ઉદ્દેશક ૧ સૂત્ર ૫૫૧. *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈન્ય, વાહન, ધન, ધાન્ય, કનક, રત્ન અને બહુમૂલ્યાં દ્રવ્ય વિગેરે છોડયું. તેનો સંપૂર્ણ ભાવે ત્યાગ કર્યો. ભેગું કરીને દાન કર્યું અને યાચકોને દાન આપ્યું એટલે સાંવત્સરિક દાન આપ્યું. ત્યારપછી હેમંતઋતુના પહેલા મહિનાના પહેલા પક્ષમાં માગશર વદિ ૧૦ દશમને દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં (તેમણે) અભિનિષ્ક્રમણ (દિક્ષા) નો અભિપ્રાય કર્યો.

૧૦૦૮ થી ૧૦૧૩—એક વર્ષ પછી જીનેશ્વર દિક્ષા લેનાર છે તેથી સૂર્યોદયથી વાર્ષિકદાનની પ્રવૃતિ કરાય છે, આ રીતે સૂર્યોદયથી એક પ્રહર સુધીમાં હંમેશાં એક ક્રોડ અને આઠ લાખ સોનામહોરનું દાન અપાય છે. અને એક વર્ષમાં ત્રણસો અઠયાશી ક્રોડ અને એંશી લાખ સોના મહોરનું દાન કરાય છે. કુંડલ, ધર, ધનદ અને લોકાંતિક મહર્ધિક દેવો પંદરકર્મ ભૂમિમાં તીર્થંકરને વિજ્ઞપ્તિ કરે છે (?) બ્રહ્મદેવ લોકની (નીચે) * ૪ કૃષ્ણરાજીના મધ્ય ભાગમાં છેડે અસંખ્યાતા લોકાંતિક દેવોના વિમાનો છે. આ દેવોનો સમૂહ ભગવાનને વિનવણી કરે છે કે—હે અર્હત્, જગતના સર્વ જીવોના હિત માટે તીર્થ પ્રવર્તાવો. (પદ્યગાથા ૬)

૧૦૧૪—ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીરનો દિક્ષાનો અભિપ્રાય જાણીને ભુવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષી અને વિમાનવાસી દેવતાઓ તથા દેવીઓ પોતપોતાના સ્વરૂપ વેશ અને ચિન્હોથી તૈયાર થઈને સર્વ ઋદ્ધિ યુક્ત અને સૈન્ય સમુદાય સાથે પોતપોતાના યાનવિમાનમાં આરૂઢ થયાં. પોતપોતાના વિમાનમાં બેસી બાદર પુદ્ગલોને પલટાવ્યા. બાદર પુદ્ગલોને પલટાવી સૂક્ષ્મપુદ્ગલોનું ગ્રહણ કર્યું. સૂક્ષ્મ પુદ્ગલોનું પરિણામ થઇ રહેતા આકાશમાં ઉંચે ઉડ્યા, ઉંચે ચડીને તે ઉત્કૃષ્ટ શિઘ્રતાવાળી ચપળ, ઉતાવળી અને દિવ્યતાવાળી દેવગતિ વડે નીચે ઉતરતા ઉતરતા તીર્છા અસંખ્યાતા દ્વિપ સમુદ્રોને ઓળંગીને જ્યાં જંબુદ્વિપ છે ત્યાં આવ્યા. આવીને ઉત્તર–ક્ષત્રિય કુંડપુરસન્નિવેશની પાસે આવી તે સન્નિવેશના ઇશાન ખુણામાં ઉપસ્થિત થયા.

૧૦૧૫–ત્યારપછી શક્રદેવેન્દ્ર–દેવરાજે ધીમે ધીમે યાનવિમાનને સ્થાપ્યું. યાનવિમાનને સ્થાપી ધીમેથી નીચે ઉતર્યો. તેણે ઉતરીને એક તરફ જઈ મોટો વૈક્રિય સમુદ્ઘાત કર્યો. મોટો વૈક્રિય સમુદ્ઘાત કરીને એક વિવિધજાતિના; મણિ સુવર્ણ રત્નથી જડેલો શુભ અને મનોહર રૂપવાળો મોટો દેવછંદો બનાવ્યો. તે દેવછંદાના મધ્યભાગમાં વિવિધ મણી કનક અને રત્નોથી જડેલું શુભ મનોહર રૂપવાળું અને પાદ પીઠવાળું એક મોટું સિંહાસન બનાવ્યું. તે જ્યાં શ્રમણભગવાન મહાવીર છે ત્યાં આવ્યો, આવીને શ્રમણભગવાન મહાવીરને ત્રણ

* ૪ કૃષ્ણરાજી માટે જુઓ સ્થાનાંગ સૂત્ર–૫૨૩, ભગવતી સૂત્ર શ૦ ૬ ઉ૦ ૫ સૂત્ર–૨૪૨–૨૪૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદક્ષિણા કરી. એ રીતે ત્રણ પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને શ્રમણભગવાન મહાવીરને લઇને દેવછંદે આવ્યો. અને ત્યાં ધીમે ધીમે ( શ્રમણ મહાવીરને ) પૂર્વાભિમુખ સિંહાસને બેસાર્યા, પૂર્વાભિમુખ સિંહાસને બેસારીને શતપાક, સહસ્રપાક તેલનું અભ્યંગ કરાવ્યું. પછી ગંધ વસ્ત્રથી તે લુંછી નાખ્યું અને શુદ્ધ પાણી વડે ( પ્રભુને ) સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને લક્ષમૂલ્યવાળા પ્રાસાદિત શિત ગોશિર્ષ ચંદનનું લેપન કર્યું. લેપન કરીને જરા નિશ્વાસના વાયુથી પણ ઉડે એવાં પ્રસિદ્ધનગર પાટણમાં વણેલાં પ્રવીણ પુરૂષોએ પ્રશંસા કરાયેલા, ઘોડાના ફીણ જેવા સુંદર, ચતુર કારીગરોએ સોનાના દોરાથી ગુંથેલા છેડાવાળાં અને હંસ લક્ષણવાળાં બે વસ્ત્રો પહેરાવ્યાં. વસ્ત્ર પહેરાવીને હાર, અર્ધહાર, ઉરસ્થ એકાવળી લાંબીમાળા કંદોરો મુકુટ અને રત્નમાળા વિગેરેથી શણગાર્યા. અને કલ્પવૃક્ષની પેઠે ગુંથેલી વીંટેલી પૂરેલી અને જોડેલી પુષ્પમાળાઓથી અલંકાર્યા. સારી રીતે અલંકૃત કરીને ફરીવાર વૈક્રિય સમુદ્ઘાત કર્યો; જે વડે એક મોટી ચંદ્રપ્રભા નામનીશિબિકા બનાવી. જે શાહમૃગ, બળદ, ઘોડો, મનુષ્ય, મગર, પક્ષિ, વાંદરા, હાથી, રૂરૂ, મૃગ અષ્ટાપદપક્ષિ ચમરીગાય, વાઘ, સિંહ, વનલતા વિચિત્ર વિદ્યાધરોના જોડલાં અને યંત્રયોગોની રચનાવાળી હતી. હજારો કિરણમાળાવાળી હતી. હુબહુ બનાવેલ અને ચમકતા હજારો બનાવોના ચિત્રામણવાળી હતી. નેત્રના પોપચાંને કાંઇક દાબી દે એવી કાંતિવાળી હતી. મોતિઓથી જડેલ હતી. મોતિની જાળી અને છેડે જોડેલ સોનાનાં લુમખાવાળી હતી. ઝુલતી મોતીની માળાવાળી હતી. હાર અર્ધહાર વિગેરે ભૂષણોથી ઓપતી હતી. અતિશય આકર્ષક હતી. કમલવડે કરેલ ચિત્રોવાળી હતી. વિવિધ વેલડીઓની ચિત્રરચનાવાળો હતી. શુભ સુંદર મનોહર અને રૂપાળી હતી, અનેક પ્રકારના મણિઓ પંચવર્ણી ઘોડીઓ તથા ( પંચવર્ણી ) પતાકાઓથી શોભાદાર શિખરવાળી હતી. ઇચ્છવા લાયક હતી. દેખવા લાયક હતી અને સુંદર રૂપવાળી હતી.

૧૦૧૬–જન્મમરણથી રહિત જીનવરને માટે પૃથ્વીના–પાણીના દિવ્યકુસુમોવડે હસતી પુષ્પમાળાઓવાળી શિબિકા તૈયાર થઈ. શિબિકાના મધ્ય ભાગમાં જીનવર માટે શ્રેષ્ટ રત્નોના રૂપથી ચમકતું પાદ પીઠવાળું બહુ મૂલ્યવાન સિંહાસન બનાવ્યું. લાખ મૂલ્યવાળા ક્ષૌમિક વસ્ત્રમાં શોભતાં, લાંબી માળા અને મુકુટવાળા દેદીપ્યમાન શરીરવાળા સુંદર આભરણને ધારણ કરનાર, છટ્ઠભક્તવાળા શોભન અધ્યવસાયવાળા અને વિશુદ્ધ લેશ્યાવાળા જીનવર શિબિકા ઉપર ચડયા- પ્રભુ સિંહાસન ઉપર બેઠા. શક્ર અને ઇશાનેંદ્ર મણી અને રત્નોથી જડેલા ચામરોવડે બન્ને બાજુ વીંજતા હતા. તે શિબિકાને પ્રથમ હર્ષિત અને ખડા થયેલ રોમાંચ વાળા પુરૂષોએ ઉપાડી. પછી સુરેંદ્ર, અસુરેંદ્ર, ગરૂડેંદ્ર અને નાગેંદ્રોએ ઉપાડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધી. દેવો પૂર્વ દિશામાં, અસુરો દક્ષિણ દિશામાં, ગરૂડો પશ્ચિમ દિશામાં અને નાગદેવો ઉત્તર દિશામાં રહી શિબિકાને વહન કરે છે. આ વખતે વનખંડ જેમ પુષ્પોવડે શોભે, શરદ્કાળનું પદ્મસરોવર જેમ પુષ્પોવડે શોભે, તેમ આકાશ દેવો વડે શોભતું હતું અથવા જેમ સિદ્ધાર્થવન કણેરનું વન કે ચંપકવન પુષ્પોવડે દીપે છે તેમ ગગનતળ દેવોવડે શોભતું હતું. વળી આકાશ પટમાં અને ભૂપિઠમાં મોટું પડઘમ, ભેરી, ઝાલર અને શંખ વિગેરે લાખો વાજીંત્રોનો અતિશય મનોહર વાદ્ય ધ્વનિ પ્રસર્યો. આ પ્રમાણે હજારો દેવો સેંકડો અભિનય–નાચની સાથે અનેક પ્રકારો વડે તત વિતત ઘન અને શુષિર એ ચાર જાતિના વાજીંત્રોને વગાડતા હતા. ( ગાથા ૧–૧૧ ) ચાલુ.—

# આપણી (જૈનોની) વીરતા ક્યાં ?

[ ગતાંક પૃષ્ટ ૩૬ થી શરૂ ]

## કર્મવીર.

કર્મવીર મનુષ્ય બધે પુરો પડે છે, **कम्मेशूरा सोधम्मेशूरा** હોય છે. નમુચીનો યોગ્ય પરિસ્કાર કરનાર વિષ્ણુકુમાર અને ગર્દભિલ્લને યોગ્ય સજા કરનાર કાલિકાચાર્ય મુખ્ય સ્થાને શોભે છે, તેમજ મહારાજા ચેટક ચુસ્ત જૈન પરમ અહિંસા ધર્મનો ઉપાસક હોવા છતાં શત્રુઓના સામે રણાંગણમાં મહારથીની જેમ ઝુઝે, તેના એક બાણથી મનુષ્યો યમદૂતના અતિથિ બનતા, નિર્દોષ જીવોને બચાવવા ખાતર ધનુષ્ય બાણ પૂજાણીથી પૂજનાર, શત્રુના પ્રથમ ઘા સિવાય ઘા ન કરનાર, આ દયાળુ રાજવી અહિંસા ધર્મના પરમ ઉપાસક રહ્યા છે અને સમર્થ યુદ્ધ ખેલાડી–યોદ્ધા લડવૈયા તરીકે અપૂર્વ માન ભોગવતા, તેમજ મહારાજા શ્રેણીક, ઉદાયન, ચંડપ્રદ્યોત, શતાનીક, દધિવાહન, આદિ રાજા મહારાજાઓ પ્રભુ મહાવીર દેવના પરમ ભક્ત, અહિંસા ધર્મના ચુસ્ત ઉપાસક છતાંય સમર્થ રણખેલાડી, યુદ્ધનો જવાબ યુદ્ધથી આપનાર અને શત્રુને તોબાહ પોકરાવનાર હતા. ચંદ્રગુપ્ત, સંપ્રતિ, વીરવિક્રમ, આમરાજા, કુમારપાલદેવ આદિ રાજા મહારાજાઓ, અભયકુમાર, પેથડકુમાર, ઝાંઝણ, કર્મચંદ્ર, ભામાશાહ, ચાંપોમંત્રી, વિમલમંત્રિ, આભૂરાજ, આશુકમંત્રિ ઉદાયન, ચાહડ, વાહડ, અને વસ્તુપાલ તેજપાલ સમા સમર્થ મુત્સદ્દી મંત્રીવરો ચુસ્ત જૈન પરમ આર્હતોપાસક, અહિંસા ધર્મના મહાન સેવકો હોવા છતાં કલમની માફક ભાલાં ધનુષ્ય બાણ ચલાવતા. તેમનાં પહાડી મજબૂત શરીરના પડછાયાથી શત્રુઓ ધ્રૂજતા, અરે, ભૂખ્યા ડાંસ વાઘના મ્હોમાં હાથ નાખી તેને તાબે કરનાર વીર વિમલમંત્રિ કાંઇ અપ્રસિદ્ધ નથી. શું તેમને આપણી જેમ અહિંસા ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહાલો ન્હોતો ? આપણા કરતાં વિશેષ પ્રેમ અને શ્રદ્ધા અહિંસા ધર્મ ઉપર તેમને હતાં. એમના નામથી શત્રુઓની સ્ત્રીઓની આંખમાં શ્રાવણ ભાદરવો વહી જતો. એ યુદ્ધે ચઢે કે શત્રુઓની સ્ત્રીઓ તેને શાપ આપવા માંડે પણ તેની અડગ વીરતા જોઈ મહાન્ ક્ષત્રિય યોદ્ધાઓ તેના યશોગાન ગાવા માંડે. શું એ યુદ્ધ કરતાં વીરતા બતાવતા એ અહિંસા પ્રેમીએ કદીપણ સમરાંગણમાંથી પાછી પાની કર્યાનું કોઇ ઇતિહાસમાં વાંચ્યું છે કે સાંભળ્યું છે ? કોઇ એ વાંચકો ઉચ્ચારજો જે હોય તે સત્યથી ન ડરશો, ચાંપામંત્રિની વીરતાનો એક દાખલો નોંધું છું

" ચાંપોમંત્રિ ઉંટ ઉપર બેસી માલ લઈ ( કોઇક ઠેકાણે ઘીના કુડલા છે ) ચાલ્યો આવતો હતો. એની પાસે પાંચ બાણુ ભાથામાં હતા. આ વખતે ગુજ-રાતમાં ભુવડનું રાજ્ય હતું. ભાવી બાલ ગુર્જરેશ્વર વનરાજે મામાની સાથે બ્હારવટુ લીધું હતું. ભૂવડની પ્રજાને કેમ લુંટી હેરાન કરવી એ ઉદ્દેશ એ બ્હારવટામાં હતો. તે વખતે સૂરપાળની ગુજરાતમાં રાડ બોલતી. ચાંપો નિડરતાથી આનંદ પૂર્વક ઉંટ ઉપર બેસી ચાલ્યો જતો હતો ત્યાં એક જણે પડકાર કર્યો .વાણીયા ઉભું રાખ ઉંટ, ખબરદાર જો એકપણ પગલું આગળ વધ્યો તો ડોકું ધડથી જુદું થશે. ચાંપો સમય સમજી ગયો. તરતજ ભાથામાંથી બાણુ કાઢી બે ભાંગી નાખ્યાં. પડ-કાર કરનાર વનરાજનો સાથી હતો. વનરાજને વાણીયાની વિચિત્રતા જોઈ આશ્ચર્ય થયું. તેણે તરતજ સાથીદારોને સમજાવ્યા કે વાણીયો જેવો તેવો નથી, માટે તેને સમજાવી લ્યો. બધાએ બાણુ પાછાં મુકી દીધાં. વનરાજે ચાંપાને કહ્યું. ભાઇ, નીચો ઉતર. એક વાત પૂછવી છે. વાણીયો ડરવિના નીચે ઉતર્યો. વનરાજે પૂછ્યું કે પાંચ બાણુમાંથી બે કેમ ભાંગી નાખ્યાં ? વાણીએ કહ્યું કે તમે ત્રણ જણ છો અને બાણુ પાંચ હતાં, માટે બે ભાંગી નાખ્યાં, તમારા ત્રણ માટે ત્રણ બાણુ બસ હતાં. એકએક બાણે જરૂર એકએકને પુરો કરૂં એવી શક્તિ મારામાં છે. બસ. પછી તો વનરાજને ચાંપાએ ઓળખ્યો, જોઈતો માલ આપ્યો અને વનરાજે તેને પોતાનો માનીતો મુખ્ય મંત્રી નીમ્યો. ત્યારપછી તો વનરાજની ખુબ ઉન્નતિ થઇ. ગુજરાતનું રાજ્ય મેળવ્યું. શત્રુઓને ગુજરાતમાંથી હાંકી કાઢ્યા. અને એ ચાલાક મંત્રિની સહાયથી રાજ્ય સુરક્ષિત બનાવી પાટણનગર તેની સલાહઅનુસાર બનાવ્યું અને તેનું નામ અમર રાખવા પાવાગઢની તળેટીમાં ચાંપાનેર વસાવ્યું જે અત્યારે પણ તેની ગુણગાથા ગાતું ખંડેર રૂપે ઉભું છે. એ વખતની વીરતા સાથે આપણી અત્યારની માયકાંગલી સ્થિતિને સરખાવો. આજે આપણાં તીર્થ લુંટાય છે, છડે ચોક આપ-ણાજ તીર્થોમાં પર હક્કની બેડીયો ઠોકાય છે, આપણા પરમ પુનિત આચાર્યદેવ ઉપર માનસિક વ્યભિચારના આરોપો મુકાય છતાં આપણે થોડીવાર હોહા કરી બે ચાર વાર બે ચાર ઠેકાણે હોહાકરી **मौनं सर्वार्थसाधनं** ના અટલ સિંદ્ધાંતનું પાલન કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુનાગઢ જીતવું હતું. સિદ્ધરાજ વર્ષોથી પ્રયાસ કરી રહ્યો હતો છતાં જીતાતું ન્હોતું. તે વખતે કંટાળી ત્રણ મહારથીઓને રણે ચઢવા બોલાવ્યા. ત્રિભુવનપાલ ( કુમારપાલ દેવના પિતા. ) મુંજાલમંત્રિ અને મહામાત્ય ઉદાયન. ત્રણમાંથી બે તો ચુસ્ત જૈન પરમ આર્હતોપાસક હતા. સિદ્ધરાજ યુદ્ધથી કંટાળે ખરો, થાકે ખરો, પણ આ વીરો ન થાક્યા, ન હાર્યા અને અન્તે જુનાગઢ પડયું.

ગુર્જરેશ્વર કુમારપાલભૂપાલ ગાદીએ આવ્યા ત્યારે આખું રાજ્ય ઇર્ષા, કલહ, અને આંતર વિગ્રહોમાં રક્ત હતું. કુમારપાલને પડખે કોઇ ન્હોતું, તેવા સમયે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવનાર ઉદાયન સુત વીર વાહડ-બાહડ સાથેજ હતા. કુમારપાલને દક્ષિણના રાજા મલ્લિકાર્જુનનું **રાજાપિતામહ બિરૂદ ખુંચ્યું**. એવું બિરૂદ દક્ષિણાધિપતિને ન છાજે. યુદ્ધ કરવા બાહડને જ મોકલ્યો. મલ્લિકાર્જુનની રાજ્યલક્ષ્મી લુંટી તેનું બિરૂદ બંધ કરાવી પાછો વળ્યો. કુમારપાલે એ જ બિરૂદ બાહડને અર્પણ કર્યું. અરે ખુદ વિમલમંત્રિ આબુનાં જગપ્રસિદ્ધ મંદિર બંધાવનાર પરમ આર્હતોપાસક વિમલની બાણ ચાલાકી-તેના સિદ્ધ હસ્ત જોઇ ભીમદેવે તેને મંત્રિ નીમ્યો હતો. એ વીરતા અને ધીરતા આપણામાંથી ક્યાં અને કેમ પલાયન કરી ગઇ તેનો ઉત્તર છે ખરો ?

**વસ્તુપાલ તેજપાલ**ની વીરતા ક્યાં ઓછી હતી? છતાં તે ચુસ્ત જૈન પરમ આર્હતોપાસક થઇ શકે છે. મહારાણા વીરધવલ કચ્છના ભદ્રેશ્વરના રાજાની સાથે યુદ્ધમાં હાર્યો. ગુર્જરેશ્વરનો અને ગુજરાતનો કીર્તિધ્વજ પડવાની તૈયારીમાં હતો તે વખતે રણાંગણમાં તલવાર લઇ કુદી પડનાર, ગુજરાતના કીર્તિધ્વજને બચાવનાર, ગુજરાતના ગૌરવને જીવન્ત રાખનાર વીર શિરોમણી બે ભાઇઓ જ હતા વસ્તુપાલ અને તેજપાલ. સોરઠ સરકારે વણથલીના રાજાએ કે જે વીરધવલનો સાળો થતો હતો તેણે ગુર્જરેશ્વરની ધુરા ફેંકી દીધી અને સ્વતંત્રતાનો નાદ ગજાવ્યો. ગુજરાતની કીર્તિના મહત્વાકાંક્ષી મંત્રીશ્વર વસ્તુપાલે તેને સમજાવ્યો અને ન માન્યું તો યુદ્ધથી પરાજય પમાડી ગુર્જરેશ્વરની આજ્ઞા પ્રવર્તાવી. આવા તો ઘણા પ્રસંગો એ વીરનરોને પ્રાપ્ત થયાં છે પણ એક પ્રસંગ બધાનું ધ્યાન ખાસ આકર્ષે છે. આ રહ્યો તે જવલંત પ્રસંગ—

" ગુજરાતમાં વીરધવલની આજ્ઞાનો ધ્વજ ફરકી રહ્યો હતો, ત્યાં ગોધરાના ઘૂઘલે ગુજરાતના રાજાની આજ્ઞા ઘૂંસરી ફેંકી દઇ બ્હારવટું લીધું. ગુજરાતની પ્રજા હેરાન થઇ ગઇ, તેના નામથી બાળક રડતું શાન્ત થઇ જાય તેવી હાક ગુજરાતમાં વાગવા લાગી. મોટા મોટા રણશૂરો પણ તેની સામે જવાની હિમ્મત ન બતાવતા. ઘૂઘલ સામો આવે છે એમ ખબર પડે તો સૈનિકો તેના આગમનની ઉંધી દિશામાં ઘોડા પુરપાટ દોડાવી મુકતા. વીર ઘૂઘલને એમ જ હતું કે હજી કોઇ માનો જાયો છે નહિં કે ઘૂઘલની સામે આવે. તેનું અભિમાન, તેનો મદ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળ એટલું વધી પડયું કે ખરો ગુર્જરેશ્વર પોતે જ છે એમ મનાવવા લાગ્યો. વીરધવલ પાસે રાડ ગઇ વીરધવલે તરત જ ધૂધલને લૂંટફાટનો ધંધો છોડી દઇ નીતિપુર:સર રાજ્ય ચલાવવાની તાકીદ આપી. ઉત્તરમાં કદી કોઇએ નહિં ધારેલું આવ્યું. એક કાંચળી સાડી અને આંખમાં આંજવાનું કાજળ સાથે પત્ર હતો. તેમાં લખ્યું હતું કે જેના મંત્રીઓ ભાજીખાઉ વાણીયા હોય, ડરપોક અને બીકણનું જ જ્યાં રાજ્ય હોય તેવા રાજાની આજ્ઞા હું માન્ય રાખતો નથી. બસ આ જોતાં જ વીરધવલનો પિત્તો ગયો, તેની આંખો લાલચોળ બની, તેમાંથી અંગારા ઝરવા માંડ્યા, તેનું મોઢું ક્રોધથી લાલઘુમ બની ગયું, સૈનિકો, મંત્રિ અને સલાહકારો બ્હીધા કે બાપુ આજે શું કરશે. તરતજ બીડું ફેરવવામાં આવ્યું કે તેની સામે યુદ્ધ કરવા કોણ જાય છે. બધાને બીક લાગી કે ધૂધલ સામે જવું એટલે મરવું. જાણી જોઇને કોણ મોતને આમંત્રણ કરે, બધાની નજર મંત્રીશ્વર સામે ગઇ. તે ચાલાક બાહોશ મંત્રિ સમજી ગયો કે બધાને તેની સામા જતા મરણનો ભય લાગે છે. ખુદ વીરધવલે પણ જ્યારે કોઇ ન ઉઠયું ત્યારે મંત્રી સામે જોયું. તેણે તરત જ બીડું લેવા હાથ લંબાવ્યો અને તે જ સમયે તેના નાનાભાઇ તેજપાલે બીડું ઝડપી લીધું. પોતે સૈન્ય લઈ ધૂધલની સામે ગયો અને ખબર આપ્યા કે ભાજીખાઉ વાણીયાનું બળ અને તેજ જોવા સામો આવજે. તેણે ધૂધલની ગાયોનું ધણ વાળી ડભોઇના કિલ્લા ભેગું કરી દીધું. ધૂધળ ધૂઆ કુંઆ થઇ ગયો. તેણે કીધું, એવો કોણ માડી જાયો છે કે જે મારા જીવતાં મારા ધણનું હરણ કરી જાય છે ? મને લાગે છે કે તેને પ્રાણ વ્હાલા નહિં હોય, નહિં તો આવું ભયંકર સાહસ ન કરત. તેને ચોક્કસ બાતમી મળી કે મને હરાવવા જ તેજપાળ આવે છે માટે મ્હારે પણ બરાબર તૈયાર થઈ જવું જોઈએ. * * *
પછી યુદ્ધ થયું, બન્ને સૈન્ય વચ્ચે ભયંકર દારૂણ યુદ્ધ જામે છે. તેજપાલ સૈન્યને મોખરે ઉભો રહી બધી વ્યવસ્થા ગોઠવી રહ્યો છે. ત્યાં ધૂધલ આવી પહોંચ્યો. તેણે આવતાંજ તેજપાલની ઉમ્મર જોઇ કહ્યું કે મને તારા આ દૂધિયા દાંત જોઇ દયા આવે છે. તારા ઘરની સ્ત્રીનો ચુડો ભાંગશે, માટે હજી ચેતવું છું કે તું પાછો ફર, જા તને વગર હરકતે જવા દઇશ. તેજપાલે કહ્યું કે એ વાણીવિલાસ હમણા જવા દ્યો. આ ભાજીખાઉ વાણીયામાં કેટલી તાકાત હોય છે તે જોઇ લે. ધૂધલે બાણ ચલાવ્યું. ચાલાક તેજપાલ તરી આગળ થયો અને પોતે બાણાવલી ચલાવી. બંન્ને વચ્ચે દારૂણ યુદ્ધ ચાલ્યું. અન્તે ધૂધલ હાર્યો અને જીવતો કેદ પકડાયો. તેને જીવતોજ પાંજરામાં પુરી વીરધવલની સભામાં ખડો કર્યો. આટલા પરાજય છતાં અભિમાની ધૂધલનો દર્પ, ગર્વ ગળ્યો ન્હોતો " અભિમાની મનુષ્ય વ્યર્થ ગર્વના હાથી ઉપર ચઢી પોતાનો કાળ નજીક ખેંચી આણે છે. " બીજે દિવસે લોહશ્રંખલા પહેરાવી અભિમાની ધૂધલને રાજસભા સમક્ષ ઉભો રાખ્યો અને તેણે ઉત્તરરૂપે મોકલેલ કાજળ, કાંચળી અને સાડી તેની સન્મુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકી કહેવામાં આવ્યું કે આવું વ્યર્થ અભિમાન ન રાખીયે. શેરને માથે સવાશેર જરૂર હોય છે એ ન્હોતું ભૂલવું. હવે આજે આ તમારી મોકલેલી વસ્તુઓનો ઉપયોગ તમે કરો. અર્થાત્ કાજળ આંખમાં આંજો અને કાંચળી ને સાડી પહેરો. ધૂંધલ ક્રોધથી ધમધમ્યો પણ પાંજરામાં પૂરાયેલા સિંહની ગર્જના જેમ નકામી જાય છે તેમ તેનો ક્રોધ અસ્થાને હતો. અન્તે તેજપાલે જઈ તેની વસ્તુ તેને પહેરાવી. કાંચળી અને સાડી પહેરાવી બતાવી આપ્યું કે કોનું રાજ્ય ગુજરાતમાં ચાલે છે અને તેં માની લીધેલા ભાજીખાઉમાં તારાં કરતાં પણ કેટલું વિશેષ બળ છે.

ધૂંધલમાં એકલું વીરત્વ હતું તેને કાંઇ આજુ બાજુનું કે આ કાર્ય છે કે અકાર્ય છે તેનું ભાન ન્હોતું. એનું વીરત્વ બીજાને દુઃખ દેવામાં, ગરીબ રૈયતની મા બહેનો લુંટવામાં, બીજાની લક્ષ્મી લુંટી લેવામાંજ વપરાતું. ત્યારે આ ધર્માત્મા વીર પુરૂષનું વીરત્વ બીજાનું રક્ષણ કરવામાં, બીજાને ભયથી મુક્ત કરાવવામાં, અધર્મ ટાળવામાં, સ્ત્રીઓનું સતીત્વ રક્ષવામાં, બીજાના લક્ષ્મી ભંડારો સહિસલામત રખાવવામાં અને પરદુઃખદાયક અભિમાનીઓના મદ ચૂર્ણ કરવા માટેજ વપરાતું. અહિંસા ધર્મનો પરમ ઉપાસક વીર પુરૂષ કદી પણ પોતાના શૌર્યનો અને વીરતાનો દુરૂપયોગ નહિં કરે, બીજાના પીડનમાં તે કદી પણ નહિં રાજી રહે અને સદાય ધર્મના રક્ષણ માટે તત્પર રહેશે. આપણે આવા વીરપુરૂષો જોઈએ છીએ. ધર્મનું રક્ષણ કરે, તીર્થોને સ્વતંત્ર રાખી માત્ર આત્મકલ્યાણના દ્વાર રૂપેજ રહેવા દે તેને આવકનું સાધન માનનાર કરતાં આત્મ પુનિત કરવાનું સાધન માનનાર બનાવી દે અને પરદુઃખ ભંજક નીવડે. આ વીરપુરૂષની વીરોચિત વીરતાનાં હજી એકાદ બે દ્રષ્ટાન્તો જોઇ પછી આગળ વધીશ. ( ચાલુ. )

## " મે'માન "

( કવાલી )

એક માતાનાં તનુજ બે, સુખ ને દુઃખ માનજો;
મહેમાન થાયે સર્વના, ખોટું જરી ન પ્રમાણજો.
મહેમાનગીરી તે તણી, સત્કારથી ઉઠાવજો;
સમભાવ ભાવી સર્વદા, નિજ આત્મને સંતોષજો.
એક આવે એક જાયે, ન્યાય નવ પલટાય જો;
કરવો વૃથા શું શોચ તેમાં, શુભાશુભ પરિણામ જો.
રાગદ્વેષાદિ વળી, પૂરવ પુન્યને પાપ જો;
અઠ કર્મના સંસ્કાર તેવા, આવશે મહેમાન જો.
સુખવાંચ્છત આદરો, સુ–ધર્મ–કર્મ સદાય જો;
મળશે અચુક મ્હેમાન તે, સૌ પુનઃ જન્મ વિચારજો.

રચનાર:—**મણિલાલ માણેકચંદ મહુધાવાલા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રદ્ધા.
## અને તે માટે શિક્ષણની આવશ્યકતા.

આધુનિક સમયના જૈન સમાજમાં ધાર્મિક શિક્ષણ આપવાનો પ્રબંધ ઘણા સૂક્ષ્મ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે કે જે જૈનોની અધોગતિનું એક ખાસ કારણ છે. ફક્ત વ્યવહારિક શિક્ષણ આપવામાં વ્યવહારિક સ્કૂલોમાં શિક્ષણ અર્થે પોતાના બાળકોને મોકલવામાં જૈન સમાજ પોતાના કર્તવ્યની ઇતીશ્રી માનતો હોય તો તે માન્યતા તેસ માજને જ મુબારક ! આવી માન્યતામાં જૈન સમાજનો ભયંકર પ્રમાદ થાય છે. અને તે ભયંકર પ્રમાદથી જૈન સમાજનાં અવદશાનાં ચિન્હો સ્થળે સ્થળે ઉપસી આવતાં નજરે પડે છે. અને તે અવદશાને પાત્ર થયેલ વ્યક્તિઓનાં જીવન પણ અત્યંત કલુષિત થઈ ગયેલાં હોય છે.

વર્તમાનનો જડવાદી જમાનો દિવસે દિવસે એટલી પ્રગતિ કરતો જાય છે કે તેનું માપ તે વિષયના જ્ઞાતા મનુષ્યોજ માપી શકે. પાશ્ચિમાત્ય સંસ્કૃતિ પ્રતિદિન આપણા ધાર્મિક અને નૈતિક વ્યવહારમાં એટલી ઓતપ્રોત થતી જાય છે અને તેથીજ આપણાં મૂળ ધ્યેયો એટલી સીમા પર્યંત બદલાતા જાય છે કે તેનું અનુમાન અત્યારે તારવી કાઢવું મુશ્કેલ થઇ પડયું છે. પણ એટલું તો ચોક્કસ છે કે, આપણા આત્માનો જે શુદ્ધ, દૈવી અને પવિત્ર સૂર હાલના પ્રતિકૂલ અને વિષમ વાતાવરણથી ગુંગળાતો જાય છે. અને આપણે આપણા આત્મધર્મથી દૂરના દૂર જઇએ છીએ.

વ્યવહારના માર્ગોમાં પણ જો શુદ્ધ સંસ્કૃતિ આવે છે તો તેટલા પુરતો પણ અભ્યુદય થાય છે. વ્યવહારિક સંસ્કૃતિના પરિણામે, ચીન, જર્મની જાપાન વિગેરે દેશોનો અભ્યુદય થયેલો. અમેરીકાને સંસ્કૃતિ સાથે દેશાભિમાન હતું જેથી અત્યારે તે પ્રદેશ માઇલોના માઇલ સુધીનો વિસ્તારવાળો સમૃદ્ધ અને સ્વતંત્રતાની ઉચ્ચ ભૂમિકાએ છે. આતો રાજદ્વારી વિષયો છે પણ આપણે તો એટલુંજ સમજવાનું છે કે જે પ્રજા ફક્ત પોતાના વ્યવહારોને જ સંસ્કારીત રાખે છે તેમની આર્થિક ઉન્નતિ અવશ્ય થાય છે. તો આપણે, ધાર્મિક અને વ્યવહારિક બંન્ને માર્ગોમાં સંસ્કાર વેરવા છે. કારણ વ્યવહાર શુદ્ધ કરવાનો મૂળ પાયો ધર્મ છે. ધાર્મિક સંસ્કાર સારા હોય તો વ્યવહાર પણ ટકી રહેશે. ધર્મ વિના એકલા વ્યવહારિક સંસ્કારો લાંબો સમય ટકી શકતા નથી, માટે આપણે પ્રથમ મૂળને મજબૂત કરવાનું છે.

For Private And Personal Use Only

જેમ રાષ્ટ્રોની ઉન્નતિ સંસ્કારીપણાને આભારી છે તેમ આત્માની ઉન્નતિ ધાર્મિક સંસ્કારોને આભારી છે.

અત્યારે ધર્મની દશા કફોડી થઈ ગઇ છે. (ધર્મ કંઇ અવનત દશામાં આવતોજ નથી તેના તત્વો ત્રણે કાળમાં એક સરખાં પ્રકાશે છે. માત્ર મનુષ્યોની વૃત્તિઓ બદલાય છે અને તે વૃત્તિઓની છાયા ધર્મ ઉપર આવરણ કરે છે. જેમ સૂર્ય નારાયણના પ્રખર પ્રકાશને નજીવાં વાદળાં આવરણ કરી ઢાંકી દે છે તેમ. ધર્મ અનાદિ છે. અને તેનો અંત નથી. માત્ર, તે વૃત્તિઓ તે પડળો પલટાવવાની જરૂરીઆત ઉત્પન્ન થઇ છે. )

દયા એ તો વીતરાગ પંથની પતાકા છે અને તે પતાકાથી તે સર્વોત્કૃષ્ટ દયાથી વીતરાગ પ્રણિત ધર્મ બીજા સર્વ ધર્મ કરતાં અગ્રસ્થાને છે. છતાં ય, **॥ पढमं नाणं तओ दया ॥** અર્થાત પ્રથમ જ્ઞાન પછી દયા કહેલ છે. તેનું કારણ ખુલ્લુંજ છે. જેને જ્ઞાન નથી તે માત્ર બાહ્યાચાર તરીકે દયા ભલે પાળે. પણ તેમને '**છાણમાં ખીલા જેવા**' કહ્યા છે. છાણમાં ખીલો ધારે તો આમથી તેમ ખેંચાય. તેમ જેને જ્ઞાન મળ્યું નથી તે આ ધર્મમાંથી બીજા ધર્મમાં અને બીજામાંથી ત્રીજા ધર્મમાં ખેંચાઇ જાય છે. વળી જ્ઞાન વિનાની દયા પણ લગભગ શુષ્ક જેવીજ થઇ પડે છે. એટલે શિક્ષણ આપવાની આવશ્યકતા છે તેમ આપણને સ્વીકારવું પડશે.

આપણામાં અને બીજી કોમોમાં પોત પોતાના ધર્મ સિદ્ધાંતોને ફેલાવવા ખાતર શાળાઓ ચાલે છે. પણ બીજી કોમો આગળને આગળ પ્રગતિ કર્યે જાય છે. મીશનરીઓ, આર્યસમાજીઓ, અતિ ઝડપથી ધર્મના ઉપાસકોનો વધારો કરે જાય છે. અને આપણે પ્રતિદિન પીછે હઠ કરીએ છીએ. આપણે જે સંખ્યામાં શાળાઓ ચલાવીએ છીએ તેની સંખ્યા મુદ્દલ સંતોષકારક નથી, અને અત્યારની પ્રથા કાયમ રહેશે તો આપણી શું સ્થિતિ થશે અને આપણે કઇ દિશામાં હોઇશું તેની કલ્પના પણ કરી શકાતી નથી. આપણામાંથીજ શિક્ષણના અભાવે કેટલાએ અન્યધર્મ તરફ પ્રેરાઇ ગયા છે અને તેથી પ્રતિ વર્ષ આપણી સંખ્યામાં મોટો ઘટાડો થાય છે. શિશુશાળા, પાઠશાળા, કન્યાશાળા, વિગેરે શાળાઓ સ્થાપી ભવિષ્યમાં મહાન વ્યકિતઓનું સર્જન કરવા માટે અત્યારથીજ તેમની કુમળી વયમાં ઉચ્ચ સંસ્કાર રેડવા પડશે અને જ્યારે તેવી શાળાઓ તરફથી અપાતાં આધ્યાત્મિક અને વ્યવહારિક શિક્ષણોને પચાવશે ત્યારે યુવક-યુવતિ નવો સંસાર માંડશે. જેમના સંસાર પણ અનુકરણીય થશે અને આત્માને સહેજે ઉચ્ચ દિશામાં લાવી મૂકશે. કહો કે આખું વાતાવરણજ પલટાઇ જશે.

આધ્યાત્મિક અને વ્યવહારિક મિશ્રિત કેળવણી આપતી સંસ્થાઓ દ્વારા

તૈયાર થતા યુવક અને યુવતીઓનાં જીવન કેવાં બને છે તેનો યત્ કિંચિત ખ્યાલ નીચે આપવામાં આવ્યો છે.

૧ કુમળી વયમાં ધર્મનાં સિદ્ધાંતો બરાબર સમજાવવાથી તેના ઉપર સજ્જડ વજ્રલેપ સમ છાપ પડી જાય છે. અને જ્યારે તે જ્ઞાનરૂપી ગોળીઓ બરાબર પચાવે છે ત્યારે તે કોઈ વિકટ પ્રસંગે યા કસોટી પ્રસંગે બીજા ધર્મનાં પ્રલોભનો તરફ નહિ ઘસડાતાં આત્મધર્મમાં અડોલ અને અવિકૃત રહે છે અને તેવા વર્તનથી આત્મ શાંતિ અનુભવી અંતે **મોક્ષાધિકારી** બને છે.

૨ વ્યવહારિક જ્ઞાન પણ જ્યારે સંપૂર્ણતાથી લે છે ત્યારે તેનામાં સત્ય, દયા, બ્રહ્મચર્ય આદિ ઉત્તમગુણો પ્રગટે છે, તે ગુણોને યથાસ્થિત સાચવે છે. તેનું જીવન લોક સમૂહના આદરને પાત્ર અને અનુકરણીય બને છે, સ્વાશ્રયી બને છે. અને તેથી તેનો વ્યવહાર શુદ્ધ બને છે. અત્યારે કેટલાક દંપતિઓનાં હૃદય અજ્ઞાનતાથી જુદાં થઇ કલેશમય બને છે જ્યારે આ યુવક–યુવતીના હૃદય એક થઇ જાય છે, કલેશનો ઉદય થતોજ નથી, થાય તો જ્ઞાન બળથી રોકે છે.

ઉપરની સઘળી દલીલો શિક્ષણ આપવા તરફે છે, પરંતુ આપણે તો તેથી પણ આગળ જવું છે, અને તે **શ્રદ્ધા** ને મેળવવી છે.

આપણા શાસનમાં શ્રદ્ધાને મોક્ષની શ્રેણીએ ચઢવા માટેનું મુખ્ય સોપાન કહ્યું છે, પરંતુ તે શ્રદ્ધાની દેવ, ગુરૂ અને ધર્મ તરફ વિશ્વાસની લાગણી ઉત્પન્ન થવી સ્હેલ નથી, પ્રભુએ સ્વમુખે ફરમાવ્યું છે કે '**श्रद्धा परम दुलहा**' અર્થાત શ્રદ્ધા પ્રાપ્ત થવી અતિ દુષ્કર છે. ત્યારે તે અણમોલી શ્રદ્ધાને ઉત્પન્ન કરવા માટે મુખ્ય વાર્તા શીક્ષણનું છે. જ્યારે વ્યકિતગત ઉચ્ચ શિક્ષણ પામે છે ત્યારે શ્રદ્ધાનું પ્રતિ-જઇએતેના હૃદયપટમાં પડે છે. હવે જ્યારે તે દુષ્પાપ્ય, શ્રદ્ધાને મેળવે છે ત્યારે માત્મધર્મથી પતિત કરવાનાં ગમે તેટલાં ષડયંત્રો રચવામાં આવે છતાં પણ .ા મહારથીની માફક અડોલ ઉભો રહે છે અને તેનું ઉંડાણ શિક્ષણ સુધી ... છે.

બાળક વડીલ પ્રત્યે વિનય દાખવી શકતો નથી. અવળે રસ્તે ચડી આત્માનું અને દ્રવ્યનું અહિત કરે છે. પ્રથમથી શિક્ષણ આપવાની દરકાર માબાપે કરી નથી દરમ્યાન બાળક બ્હારના ( જડવાદી સિદ્ધાંતોના ) સંસ્કારોથી સજ્જ થઈ યુવાન બન્યો. હવે આ અવસરે તે સિદ્ધાંતોને છોડવા સમજાવશે, પરંતુ શિશુવયમાં વજ્રલેપ થઇ ગએલા સંસ્કારો યુવાન છોડશે નહિ, તેથી માબાપ પોતાની મૂર્ખાઇ પર અફસોસ જાહેર કરે છે.

હવે તે યુવાન કુસંસ્કારથી જ્યારે અધોગતિએ પહોંચે છે, ઠોકરો ખાય છે. ફટકા પડે છે ત્યારે તેને સ્હેજ (શુદ્ધતો નહિજ)આત્મભાન થાય છે, કંઇક જાગૃત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. પણ તે અરણ્યરૂદન સમાન નિરર્થક નિવડે છે, હવે તે આશાવાદી યુવાન શું વિચારે છે "માતા પિતાએ મ્હારી શિશુવયમાં ધર્મ રસીયો કાં ન કર્યો ? અત્યારની ડીગ્રીવાળી વિદેશી ભાષામાં વ્યવહારમાં કાં મોહ પમાડયો. ?"

અને આ ડીગ્રીથી તો હું આત્મવિહોણો બન્યો, જીવ અજીવનું ભાન ભૂલ્યો, સઘળું ખોયું અને હું પણ ડુબ્યો.

આ સમયે એક મહા યોગી તે યુવકને નીચેનો સંદેશો પાઠવે છે:—

"હે યુવાન! તને મોડી સમજણ આવી તો ખેર. જાગ્યાં ત્યાંથી સવાર માન અને પ્રાપ્ત સ્થિતિથી પાછો પડ. તું જે ભૂલભૂલામણીમાં પડયો છું તે ભૂલભૂલામણીમાં સેંકડો હજારો બલ્કે લાખો યુવાનો ફસાયા છે. ત્હારી જાગૃતિ બીજાને જાગૃત બનાવશે, શીક્ષણ આપી શ્રદ્ધા ઉપજાવી દરેકને આત્મ ધર્મમાં લાવવા ઉદ્ઘોષણા કર, "

શિક્ષણથીજ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તે તો ચોક્કસ છે, ત્યારે તે શ્રદ્ધાવાન આત્મા પોતાના જીવનને કેવું શોભાવે છે તેના સેંકડો દાખલા જૈનાગમમાં મોજુદ છે. તો આ પ્રસંગને અનુસરતું એક સાચું અને સાદું દ્રષ્ટાંત આપવું ઉચિત ગણાશે.

વૈશાળા નગરીના ચેડા રાજાને **'ચેલણા'** નામે કુંવરી હતી. ચેલણાનાં માતા પિતા પ્રભુ મહાવીરના શાસનને પૂજનારાં હતાં. વીરપ્રણીત વાકયો પર તેમની દ્રઢ પ્રતીતિ હતી, કહો કે તેમના ઘરનું વાતાવરણ જ ધર્મમય હતું.

દુગ્ધાવસ્થામાંથી ચેલણા જ્યારે શિશુ અવસ્થામાં આવી ત્યારે તેનાં માતા પિતાએ ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કર્યો. તે શિક્ષણથી અને ઘરના ધર્મી વાતાવરણથી ચેલણાને ઉચ્ચ શિક્ષણ મળ્યું. અને જેના પ્રતાપે તેને પ્રભુપ્રત્યે, તેના ચારિત્ર પ્રત્યે, તેના કાનુનો પ્રત્યે શુદ્ધ **'શ્રદ્ધા'** ઉત્પન્ન થઈ. ચેલણાને આત્મ સ્વરૂપ પ્રકટયું અને મોક્ષના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને રૂપ એ ચાર બોલને બરાબર જાણી વર્તનમાં મૂકયા, તેના આવા વર્તનથી માતપિતાને સંતોષ થયો. ધર્મી મા બાપ પોતાના સંતાનોને ધર્મી બનાવવા જ ઈચ્છશે. અત્યારનું વાતાવરણ તેથી ઉલ્ટું છે મા બાપ પોતાના સંતાનોના ખુલ્લા શત્રુ બને છે.

ચેલણાએ મુગ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો. ત્યારે તેનું લાવણ્ય ઓર ખીલી નીકળ્યું. તેના રૂપની ખ્યાતિ સર્વત્ર પ્રસરવા લાગી.

શ્રેણિક રાજ્ય દરબારમાં રાજ્યકાર્ય કરી રહ્યો છે. તે સમયે રાજ્યના કર્મચારીએ ચેલણાના રૂપની પ્રશંસા કરી, શ્રેણીકે સાંભળ્યું પછી તો રાજ્યહઠ. ચેલણાને પરણવું તેવો સંકલ્પ કર્યો.

ચેડા રાજા જૈન મતાવલંબી હતા. જ્યારે શ્રેણીક તે સમયે બુદ્ધિષ્ટ હતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(પાછળથી જૈનમતના પરમ ઉપાસક થઇ શુદ્ધ સમકિતને પ્રાપ્ત કર્યું હતું) એટલે શ્રેણિકના લગ્ન સંબંધીનો પ્રસ્તાવ ચેડા રાજા માન્ય કરી શકે જ નહિ. (પોતાના પંથવાળાને જ કન્યા આપવાનો રિવાજ તે સમયે પ્રશંશનીય હતો આ રિવાજમાં પણ અત્યારે વિકાર થયો છે.)

કપટ અને યુક્તિથી શ્રેણીકે ચેલણાને મેળવી.

બંન્નેની ક્રિયાઓ જુદી હતી અને જ્યાં 'મત ત્યાં આગ્રહ' એ પ્રમાણે શ્રેણિક ચેલણાને બુદ્ધિષ્ટ થવા સમજાવે, પણ ચેલણા તેનો પ્રતિકાર કરે. છેવટ બહુ જ વિખવાદ થયો. શ્રેણિકે ઘણાં પ્રલોભનો બુદ્ધિષ્ટ થવામાં બતાવ્યાં. પોતે પણ અતુલ સુખ આપશે તેમ જણાવ્યું–ત્યારે દરરોજના કલહથી ત્રાસી ચેલણાએ શ્રેણિકને કહ્યું. શું ? તમે મ્હને મ્હારો ધર્મ તજવાનું કહો છો ? કદાપિ નહિ, તે પલટો કાળાંતરે પણ થશે નહિ. તમને ખ્યાલ પણ નહિ હોય કે મ્હારા જૈનધર્મનાં ફરમાનો પ્રત્યે મ્હને એટલી દૃઢ શ્રદ્ધા છે કે તે ફરમાનોના પાલનમાં કદાચ મ્હારો પ્રાણ જાય તોયે શું ? મ્હારા દેહનું બલિદાન આપું, પણ હું બેવફા તો ન જ થાઉં. શ્રેણિક દિગ્મૂઢ થયો.

ચેલણાને તેના ધર્મથી ચળાવવી, તેના ધર્મનું તેને ઘમંડ છે તે કાઢી નંખાવવું. આવા પ્રકારના શ્રેણિક મનોગત વિચાર કરે છે તે માટે યુક્તિઓ શોધે છે, વિચારના અંતે એક ઉપાય સુઝી આવે છે. તેને પાર પાડવા માટે પોતાના નોકરોને નિમ્ન લિખિત હુકમ કરે છે.

"હે સેવકો ! આપણા શહેરની બ્હાર જે રાજ્ય–ઉદ્યાન છે અને જેમાં શિવાલય છે તે શિવાલયમાં જૈનમાર્ગી એક સાધુને બોલાવી ઉતારો. તત્પશ્ચાત એક આપણા રાજ્યની ગણિકાને તે શિવાલયમાં સાધુ સાથે અંદર પુરી શિવાલયના દ્વારને બંધ કરી દેજો–સ્હવારમાં જ "કોઇ મુનિ પધાર્યા છે" તેવા સમાચાર મ્હને આપવા આવજો.

નોકરો છુટ્યા અને રાજાની જે પ્રકારની આજ્ઞા હતી તેનું બરાબર પાલન કરી આજ્ઞા શ્રૈણિકને પાછી સોંપી.

ઉદ્યાનના શિવાલયમાં કોઇ અવધૂત (ખરા ત્યાગી) મુનિ રાજ્યઆજ્ઞાને માન આપી ત્યાં આવ્યા અને રાજા પોતાની સાથે પરામર્શ કરવા હમણા આવશે તેમ માની શ્રેણિકના આવવાની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા. પરંતુ તેમની અજાયબી વચ્ચે તેમની ચર્મચક્ષુએ કોને આવતાં જોઇ ! તેનો ચ્હેરો જોતાં જ મુનિ પામી ગયા કે તે વેશ્યા છે. તે વેશ્યાને નોકરોએ અંદર હડસેલી દઇ દ્વારને સાંકળ ચડાવી દીધી. મુનિ આ પ્રસંગ માટે તૈયાર ન્હોતા, છતાં સમયવર્તી મુનિએ સમયને ઓળખ્યો. લબ્ધીધારી મુનિએ પોતાની લબ્ધિથી પોતાનાં કપડાં, રજો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરણ, મુખવસ્ત્રિકા ઈત્યાદિને બાળી નાંખ્યા અને તેની રાખ આખા શરીરે લગાવી એક મહાન્ યોગીશ્વર જેમ નિશ્ચિંત થઇ આખી રાત્રી જાગૃત સ્થિતિમાં બેસી રહ્યા. કારણ ગણિકાને તેમને ભય હતો. પણ ગણિકા બિચારી મુનિને આવો પ્રભાવ જોઇ સડક થઇ ગઇ. પરિણામે મુનિને સ્પર્શ પણ કરી શકી નહિ અને 'યદિ જો હું આ સ્થિતિથી સુખરૂપ છુટું તો નવો અવતાર પામું' તેવો અંતર્ગત વિચાર કર્યો.

પ્રભાતનો સમય થયો. તે સમયે શ્રેણિક ઝરૂખામાં બેસી દંતધાવન કરી રહેલ છે. ઉદ્યાનમાંથી સેવક આવ્યો અને મોટા શબ્દોથી પૂર્વસંકેત અનુસાર બોલ્યો–' મહારાજ આપણા ઉદ્યાનમાં કોઈ મુનિ પધાર્યા છે ' આ સાંભળી સેવક પ્રત્યે શ્રેણિકે કહ્યું કે તું આપણા દીવાનને મોકલ અને સાથે સ્વારીમાં આવવા માટે નગરમાં ઉદ્‌ઘોષણા કર. સેવક ગયો. પ્રધાન આવ્યા. શ્રેણિકે સ્વારીના ઠાઠ-માઠથી મુનિદર્શને જવા કહ્યું. ચેલણાને શ્રેણિકે કહ્યું કે કોઇ મુનિ શિવાલયમાં આવેલ છે તેમનાં દર્શન કરવા આપણે ઠાઠમાઠથી જવું જોઇએ અને તેમનું સ્વાગત કરી શહેરમાં લાવવા જોઇએ. ચેલણા વિચારમાં પડી. રાજા જૈન મુનિથી ભડકે છે, તેમને તે તરફ અણગમો છે, છતાં આજે ઠાઠથી દર્શન કરવા જવાનું કહે છે, માટે નકકી ઉંડો ભેદ હોવો જોઇએ. ખેર, જે હોય તે. તેમાં મ્હારે શું ? ચેલણા શ્રદ્ધા ઉપર મુસ્તાક રહી. શ્રેણિકને જવાબ આપ્યો–હું તૈયાર છું.

સ્વારી ચડી. રાજા રાણી પણ હાથીની અંબાડી ઉપર બેઠાં. નગર બહાર ઉદ્યાન પાસે આવ્યા. ઉદ્યાન રક્ષક સામો આવી બે હસ્ત જોડી શ્રેણિક સમિપ ઉભો રહી 'શો હુકમ' પૂછવા લાગ્યો. મહારાજ કયાં છે ? તેમ શ્રેણિકે પૂછયું. પણે શિવાલયમાં મહારાજ ! ઉદ્યાન રક્ષકે કહ્યું અને આખી રાત્રિ દ્વાર બંધ કરી કોઇ હલકા ખવાસની લાગતી સ્ત્રી સાથે ગાળી છે, જેના ઉજાગરાથી હજુ દ્વાર બંધ છે કૃપાનિધાન. એક ત્રાંસી નજર ચેલણા તરફ ફેરવી ન ફેરવીને ઉદ્યાનરક્ષકને શિવાલયના દ્વાર ખોલવા હુકમ આપ્યો.

ચેલણાને આઘાત થયો. અરે ! આ દુષ્ટ શું બોલે છે ? સ્ત્રી સાથે આખી રાત્રિ મુનિ રહ્યા. હજુ ઉઠયા નહિ. કદાપિ બનેજ નહિ. સ્ત્રીત્યાગી મુનિ પ્રભાતના ઉઠનારા હોય, વળી વીતરાગી મુનિનાં આજે છડી સ્વારીએ દર્શન કરવા આવવું અને શ્રેણિકની ત્રાંસી નજર ચેલણાને ગોટાળાનું સ્વરૂપ સમજાયું. હિમ્મત આણી શું બને છે તે જોયા કરવા ટટ્ટાર ઉભી.

સાંભળ્યું, રાણીજી ! શ્રેણિકે કહ્યું તમારા મુનિને વળી સ્ત્રીની રઢ કયાં લાગી ? કંચન કામિનીના ત્યાગી હોવાનું તમે તો જણાવો છો ત્યારે આ ઇદં તૃતીયં જેવું શું થયું ? આ સાંભળી શ્રેણિકના કથનનો પ્રતિકાર કરતાં ચેલણાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું મહારાજ ! અમારા યોગીશ્વરો કરોડોની ઋદ્ધિઓ અને સ્વરૂપવાન સ્રીઓને સ્વેચ્છાપૂર્વક છોડેલી હોવાથી સ્રી સંગ સ્વપ્ને પણ ઇચ્છે નહિ. સ્રીને સ્પર્શ કરવો તો ઠીક, પણ અંગુલ નિર્દેશ કરવો તેને પણ મહાન પાપ સર્વજ્ઞોએ બતાવ્યું છે. મ્હને દ્રઢ શ્રદ્ધા છે કે ' સ્રી સંગી ' સાધુ મ્હારા નજ હોય.

બધાંનાં બબ્બે લોચન એક સરખાં શિવાલયના દ્વાર ઉપર લાગી રહ્યાં છે શ્રેણિકના હૈડે હર્ષ માતો નથી, જ્યારે ચેલણાનો તો શ્વાસજ અદ્ધર છે.

' અહલેક ' નો ભયંકર ધ્વનિ શિવાલયમાં સંભળાયો. બધા સ્તંભિત થઇ ગયા. અરે આ શું ? જૈનના સાધુ કયાં ? માંહોમાંહે પ્રશ્ન થયા.

પુરાયેલા સાધુ દ્વાર ખુલતાંની સાથે પુનઃ ' અહલેક ' નો ગુંજારવ કરતાં બ્હાર નીકળી, ભીડને ભેદી ઉદ્યાન બ્હાર પહોંચી ગયા. પાછળ ગણિકાને મુઠીઓ વાળી નાસતી દરેકે જોઇ.

શ્રેણિક સ્તબ્ધ, ચિત્રામણવત્ બની ગયો. ચેલણાને પાડવા જતાં પોતે જ ખાડામાં પડયો.

ચેલણાના હર્ષનો પાર રહ્યો નહિ. જૈનધર્મની જાહોજલાલી આ સમયે અપૂર્વ ખીલી નીકળી.

**"અંતે શિક્ષણથી જ શ્રદ્ધાનો સંપૂર્ણ વિજય થયો" અને તે શ્રદ્ધાથી જ જૈન ધર્મની જાહોજલાલી ખીલી નીકળી.** આવી શ્રદ્ધા દરેક જૈનને હોવી જોઇએ અને તે શ્રદ્ધાને ટકાવવા માટે ન્હાનપણમાં જ શિક્ષણ આપવાની પ્રથા આવરદાયક ગણવી જોઇએ. જ્ઞાન રૂપી દાન આપતાં આત્મા જઘન્ય કર્મની ક્રોડો ખપાવે, ઉત્કૃષ્ટ તીર્થંકર ગોત્ર ઉપાર્જે. આવો દિવ્ય મહિમા શ્રી વીરપ્રભુએ સ્વમુખે વર્ણવ્યો છે. તેને જૈન સમાજ જતું નજ કરે. ચેલણા ઉપરાંત ચંદનબાળા, સીતા આદિ સતીઓને મૂળમાં જ ઉંચ્ચ કક્ષાનું ધાર્મિક જ્ઞાન મળ્યું હતું. ઠેર ઠેર જ્ઞાનશાળાઓ ચાલુ થશે અને વધુને વધુ બાળકો તેનો લાભ લેશે તો એ શિક્ષણજ શ્રદ્ધાને જન્મ આપશે અને શિક્ષણ તથા શ્રદ્ધા ઉભય સૂત્રો અને માર્ગોથી પ્રત્યેક આત્મા ઉંચ્ચ ભાવના શીલ થઇ મોક્ષને નિકટમાં લાવી શકશે.

જ્યાં ધર્મ ત્યાં ધન, વિનય, વિવેક, શાંતિ અને સુખ રહેલાં છે અને તે સર્વને પ્રાપ્ત થાઓ તેજ ભાવના.

લેખકઃ—**ઘેલાભાઇ પ્રાણલાલ શાહ, કલોલ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક ઉપયોગી વિચારો.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૫૩ થી શરૂ. )

યુરોપમાં અનેક સ્ત્રી પુરૂષો એવા થઇ ગયા છે કે જેઓને વિધર્મીઓએ કેવળ ધાર્મિક મતભેદની ખાતર જીવતાં બાળી મૂકયા, અંગેઅંગ કાપી નાંખ્યા પરંતુ તેઓ કદિપણ ચલિત ન થયા. અને પોતાના ધર્મને દ્રઢપણે વળગી રહ્યા. રાજપુત સ્ત્રીઓનો દાખલો જગમશહુર છે. હજારો સ્ત્રીઓ:વિધર્મીઓથી પોતાના ધર્મની રક્ષા કરવા ખાતર બળતી ચિતામાં હસતી હસતી કુદી પડી હતી. અનેક સ્ત્રીઓએ તો ચિતામાં બેસીને પોતાના હાથે જ આગ લગાવી હતી. આવું અપૂર્વ ધૈર્ય અને સાહસ બીજે કયાં જોવામાં આવે એમ છે ? મનુષ્ય માત્ર મૃત્યુથી સૌથી વધારે ભયભીત બને છે અને મૃત્યુને જ સૌથી મહાન વિપત્તિ ગણે છે. પરંતુ જે મનુષ્ય સત્ય અને ધર્મનું મહત્વ સમજે છે તેને મન તો જીવન મરણ બન્ને સમાન છે. એક દિવસ સૌને વ્હેલું મોડું મરવાનું તો છે જ. સત્યનું રક્ષણ કરવામાં પ્રાણ અર્પણ કરવા પડે તો તે સારી વાત છે. એ રીતે મરવું તે કોઇપણ જાતના રોગથી મરવા કરતાં લાખ દરજ્જે સારૂં છે. જે વખતે સર થોમસ મુરને પોતાના સિદ્ધાંતોને મજબૂતપણે વળગી રહેવા ખાતર દેહાંત દંડની આજ્ઞા કરવામાં આવી ત્યારે જાણે કે તેણે કોઇ યુદ્ધમાં મહાન વિજય પ્રાપ્ત કર્યો હોય એવો એને આનંદ થયો. છેવટે નોરફોકના ડયુકે તેને કહ્યું કે—“ રાજાઓની સાથે વિરોધ કરવો એ ઠીક નહિ; રાજાઓને ગુસ્સે કરવાથી પ્રાણ આપવા પડે છે.” એ વખતે તેણે ઘણો જ સુંદર જવાબ આપ્યો. તેણે કહ્યું કે “ બસ એટલું જ ને ? ત્યારે તો મારામાં અને તમારામાં એટલો જ ફેર રહી ગયો કે હું આજ મરીશ અને આપ કાલે મરશો.

આનો અર્થ એમ નથી કે ધૈર્ય અથવા સાહસની આવશ્યકતા આપણને તે વખતે જ પડે છે કે જ્યારે આપણને કોઇ મહાન શકિતસંપન્ન અત્યાચારીની સામે થવું પડે અને યુદ્ધ–ક્ષેત્રમાં જઇને શત્રુના મહાન્ સૈન્ય ઉપર વિજય પ્રાપ્ત કરવાની જરૂર પડે. પરંતુ આપણને આપણા જીવનમાં પગલે પગલે ધૈર્ય અને સાહસની આવશ્યકતા પડે છે. આપણે નાનામાં નાનું કાર્ય શરૂ કરીએ તોપણ તેની સમાપ્તિ સુધી આપણને ધૈર્ય પૂર્વક પરિશ્રમ કરવાની આવશ્યકતા પડશે જ. સાચું બોલવા માટે, અસત્ય, ખુશામત અથવા લોભ વિગેરેથી બચવા માટે અને ન્યાય પંથ ઉપર દ્રઢતાપુર્વક રહેવા માટે ઘણા જ સાહસની જરૂર પડે છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ પોતાના ગજા ઉપરાંત ખર્ચ કરે છે અને એને લઇને હમેશાં દુ:ખી રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેઓમાં એટલું પણ સાહસ નથી હોતું કે તેઓ પોતાની વાસ્તવિક સ્થિતિને અનાવૃત રાખે. તેઓને તેનાપર જુઠો પડદો નાંખવો પડે છે. એવા લોકો જો સાહસ કરીને પોતાની શકિત પ્રમાણે ખર્ચ કરે અને લેંકોના કહેવાની પરવા ન કરે તો સંસારનાં દુઃખમાં ઘણો જ ઘટાડો થઇ શકે. આજકાલ યુવકોમાં એક મહાન્ રોગ નજરે પડે છે જેને સંકોચ અથવા મલાજો કહેવામાં આવે છે. તેઓને કેવળ તેની ખાતર પોતાના દ્રવ્યનો તથા સમયનો ઘણો ભોગ આપવો પડે છે, અને કોઇ વખત નીતિભ્રષ્ટ પણ થવું પડે છે. અહિંયા એમ કહેવાની મતલબ નથી કે લોકોએ પોતાનું શીલ તજી દેવું. પરંતુ અમારો અભિપ્રાય એ છે કે લોકોએ નકામી અથવા નુકસાન કારક બાબતોથી બચવા માટે કોઇ વખતે બીજાની વિરૂદ્ધ કહેવાને લાયક થવું જોઇએ. ઘણા લોકો કોઇ કાર્ય અનુચિત ગણે છે છતાં પણ કોઇ વખત સાહસના અભાવને લઇને તે કાર્ય કરવા તૈયાર થઇ જાય છે. કર્તવ્યનું જ્ઞાન હોય તોપણ તેઓ તેમ કરે છે. એનું કારણ એમ છે કે તેઓમાં મલાજો તોડવાનું સાહસ નથી હોતું. એવા માણસો કદિ દુર્ભાગ્યવશાત્ ખરાબ સંગતમાં પડી જાય તો તેઓ પોતાનું અનર્થ કરે છે અને બીજાને પણ ઘણો ખરાબ દાખલો બેસાડે છે.

સદાચારી બનવા માટે મનુષ્યે મનોદેવતાની આજ્ઞાનુસાર વર્તવું જોઇએ અને જ્યાં સુધી મનુષ્યમાં સાહસ અને દઢ નિશ્ચય નથી હોતા ત્યાં સુધી મનોદેવતાનો નિર્ણય જાણીને પહેલાં તો પોતાની ઇચ્છા શકિતને મજબૂત બનાવવી જોઇએ અને પછી સાહસ અને દઢતાપૂર્વક તે અનુસાર કાર્ય કરવા મંડવું જોઇએ, એવે વખતે મનુષ્ય જરાપણ ભૂલ કરી બેસે, મનોદેવતાના વિરૂદ્ધ કાર્ય કરી બેસે તો સમજી લેવું કે તેની દુર્દશા અને અવનતિની શરૂઆત થઇ ગઇ છે.

પ્રત્યેક મનુષ્યે પોતાની શકિત વિગેરેનો પ્રયોગ નિષ્ઠા, સ્વતંત્રતા, તથા દઢતાપુર્વક કરવો જોઇએ. નહિં તો તે કદિપણ કર્મક્ષેત્રમાં રહેવા લાયક થઇ શકતો નથી. આપણે ઘણી વાતનો વિચાર કરીએ છીએ અને મનમાં અનેક જાતના તરંગો બાંધીએ છીએ, પરંતુ એ બધા વિચારોને કાર્યરૂપમાં પરિણત કરી શકતા નથી. એનું કારણ એ છે કે આપણામાં સાહસનો અભાવ હોય છે અને આપણે આપણી શક્તિઓનો ઉપયોગ કરતાં ગભરાઇએ છીએ. પરંતુ જે લોકો સાહસપૂર્વક પોતાની શક્તિઓનો ઉપયોગ કરે છે તેઓ અવશ્ય વિજયી અને સફલ મનોરથ બને છે.

આજકાલ લોકોમાં 'પ્રસિદ્ધિ' પ્રાપ્ત કરવાનો અને 'સર્વપ્રિય' બનવાનો રોગ પણ બહુ વધી ગયો છે. અને એ રોગને લઇને સાહસનો ઘણોજ નાશ થઇ ગયો છે. લોકો સાચું જુઠું, ન્યાય અન્યાય અને ઉચિત અનુચિતને ભૂલી જઇને કેવળ પ્રસિદ્ધ અને સર્વ પ્રિયતાની પાછળ લાગી ગયા જણાય છે. તેઓ એમ સમજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે લોકોની હામાં હા કરવાથી મનુષ્ય પ્રસિદ્ધ અને સર્વપ્રિય બની શકે છે. તે ઉપરાંત લોકોનું માન સાચવવું તથા તેઓનું મન ન દુઃખવવા ખાતર તેઓની હામાં હા ભેળવવી એ શિષ્ટ સમાજનો એક વ્યવહાર ગણાવા લાગ્યો છે, આવા લોકો જ્યારે સર્વ પ્રિયતા પ્રાપ્ત કરવા ઉપરાંત નેતૃત્વની પાછળ પડે છે ત્યારે તેમનાથી સમાજને એથી પણ વધારે હાન પહોંચે છે. એક એવો શિથિલ, સભ્ય અને પ્રતિષ્ઠિત મહાશય આ લેખકની જાણમાં છે કે જે હંમેશા સઘળી વાતોમાં હા, હા, જરૂર, કહેવાનું જ જાણે છે. તમે તેની પાસે ખરાબમાં ખરાબ પ્રસ્તાવ લઇ જાવ અને એ મહાશય હા, હા, જરૂર એ સિવાય બીજું કાંઈ પણ કહેશે નહિ, અને તે પણ એટલી બધી નિષ્ઠાથી અને મસ્તક હલાવીને કહેશે કે તમે ખુશી થઇ જશો અને તમને એમજ લાગશે કે આ કાર્યમાં તે મહાશય ઘણીજ મદદ કરશે. વિશેષ આશ્ચર્ય અને દુઃખ તો ત્યારે જ થાય છે કે જ્યારે લોકો અંધ બનીને એવા લોકોના ભક્ત બની જાય છે અને વિદ્વાન તેમજ બુદ્ધિમાન લોકો તેનું યશેષ્ટ માન સન્માન કરવા લાગે છે. આવા મનુષ્યોથી સમાજને કેટલું નુકસાન પહોંચે છે તેનો જરા વિચાર કરો. જે મનુષ્ય વાસ્તવિક રીતે સમાજના પરમ દૂષિત અંગ રૂપ અને ઝેર રૂપ હોય છે તે સર્વ સ્થળે આદર પામે છે. એવા લોકો સારા માણસોને પણ ખુશામત પ્રિય બનાવી દે છે. અને તેઓને અનુચિત માર્ગ પર દોરી જાય છે. સાધારણ મનુષ્યોમાં એટલું સાહસ નથી હોતું કે તેઓ તેઓના વિરૂદ્ધ કાંઇપણ કહી શકે અને મોટા માણસો તો તેઓની વાતો સાંભળીને તરતજ ભૂલી જાય છે. બસ ચાલો પતી ગયું.

પરંતુ જે મનુષ્યો સત્યનિષ્ટ અને સાત્વિક હોય છે, તેઓ આ રીતે પ્રાપ્ત કરેલી પ્રસિદ્ધિ, સર્વ પ્રિયતા અને પ્રતિષ્ટા વિગેરેને અત્યંત ઘૃણિત તેમજ તુચ્છ ગણે છે. તેઓ પોતે હમેશાં સત્ય બોલે છે અને પોતાની વાતોથી લોકો પ્રસન્ન થશે કે અપ્રસન્ન તેની તેઓ કદિપણ પરવા કરતા નથી. જુઠી વાતોથી લોકોને પ્રસન્ન કરવા કરતાં સત્યતાપૂર્વક યથાશકિત પોતાના કર્તવ્યનું પાલન કરવું એ વધારે સારૂં છે. જે મનુષ્ય આ પ્રકારનું આચરણ કરે છે તેજ છેવટે ખરેખરી પ્રસિદ્ધ અને સર્વપ્રિયતા પ્રાપ્ત કરે છે. સાધારણ પ્રસિદ્ધિ અને સર્વપ્રિયતા વિગેરેમાં એક મોટો દોષ એ રહેલો છે કે તેને લઇને ઉદ્યોગી મનુષ્ય પણ નિરૂદ્યમી બની જાય છે. તે અભિમાની બની જાય છે અને તે કશા કામનો નથી રહેતો. એક સ્થળે મહાત્મા ગાંધીજીને લોકોએ એટલું બધું માન આપ્યું હતું કે તેમણે તે વખતે કહ્યુ હતું કે આટલું બધું માન આપીને નેતાઓને બગાડવા ન જોઇએ. ખરી રીતે એવા ઘણા લોકો જોવામાં આવે છે કે જેઓ શરૂઆતમાં લોકોને માર્ગ દર્શન કરવાનું કાર્ય સારી રીતે કરે છે, પરંતુ એકાદવાર તેઓનું માન સન્માન કરવામાં આવે છે કે તરત તેઓનું વર્તન ફરી જાય છે. તો પછી એવું સન્માન શું કામનું કે જેનાથી કામ કરનાર માણસને આપણે ખોઇ બેસીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક મનુષ્યમાં સ્વતંત્રતાપૂર્વક વિચાર તેમજ કાર્ય કરવાની શક્તિ હોવી જોઇએ. એ માટે એને બીજા ઉપર આધાર રાખવાની જરૂર ન હોવી જોઇએ. એક વિદ્વાનનો એવો મત છે કે જે મનુષ્ય પોતે કોઇ વિષય ઉપર પોતાના વિચાર સ્થિર કરવાનું સાહસ નથી કરી શકતો એ કાયર ગણાય છે. જે જાણી બુઝીને પોતાના વિચાર સ્થિર નથી કરી શકતો તે અકર્મણ્ય અને સુસ્ત ગણાય છે અને જેનામાં સ્થિર કરવાની શક્તિજ નથી હોતી તે મૂર્ખ ગણાય છે. અનેક લોકો ઘણે ભાગે બીજાના વિચારો પ્રમાણે જ ચાલે છે અને તેથીજ ઘણી સારી યોગ્યતા હોવા છતાં પણ તેઓ કદિપણ કશું સારૂં મોટું કાર્ય કરી શકતા નથી. સૌથી પહેલાં તો દરેક મનુષ્યમાં વિચાર કરવાની શક્તિ હોવી જોઈએ અને પછી વિચારને કાર્યરૂપમાં પરિણત કરવાની શક્તિ હોવી જોઇએ. આપણે પોતે આપણા વિચારો સ્થિર ન કરતાં કેવળ લોકોની હામાં હા ભેળવવી એ ઘણુંજ હાનિકારક છે. કેમકે ઘણે ભાગે મહાન અનર્થો ઘોર વિરોધ કરવાથીજ અટકાવી શકાય છે.

જે મનુષ્ય સત્યનિષ્ટ હોય છે તેને જાળ ફરેબ અને દગાબાજીની ઘણીજ ચીઢ હોય છે. એવી રીતે સાચો માણસ જુઠાણાથી, ન્યાયશીલ મનુષ્ય અન્યાય અને અત્યાચારથી તેમજ શુદ્ધહૃદય મનુષ્ય પાપથી બહુ ગભરાય છે. તેનામાં વિરોધ કરવાની શક્તિ અથવા દ્રઢતા ન હોય તો તેનું ચીઢાવું કે ગભરાવું શું કામનું ? મહાત્મા અને સમર્થ પુરૂષ તેનો ઘોર વિરોધ કરે છે અને તેને જડ મૂળથી ઉખેડી ફેંકી દેવામાં કદિપણ કોઇ વાતની ખામી રાખતો નથી, અને વાસ્તવિક રીતે એવા જ લોકો નેતા બને છે. ‘ જી હજુર ’ કહેવાથી મનુષ્ય કદિપણ નેતા બની શકતો નથી, પરંતુ જે મનુષ્ય સાહસિક, નિર્ભીક, ન્યાયપરાયણ અને સ્વતંત્ર વિચારવાળો હોય છે તે કદિપણ બીજાની હામાં હા નહિ ભેળવે. કદાચ તે અસમર્થ હશે તો તે પોતાનો અસંતોષ તો અવશ્ય પ્રકટ કરશેજ.

જે મનુષ્યોમાં સાહસની સાથે બળ અને દ્રઢનિશ્ચય પણ હોય છે તેઓની સામે કઠિનતાઓ કદિપણ ટકી શકતી નથી દ્રઢ નિશ્ચય અને અધ્યવસાયના બળથી પામર મનુષ્ય પણ મહાન કાર્યો કરી શકે છે. એવોજ મનુષ્ય વીર કહેવાય છે અને એ વીરતા તેને ક્રૂર નથી બનાવતી પણ સહૃદય અને દયાળુ બનાવે છે. સંસારના સર્વક્ષેત્રોમાં એવા મનુષ્યોનો આદર તેના શત્રુઓ તેમજ વિરોધીઓ પણ કરે છે. કેવળ ધૈર્ય, અધ્યવસાય અને ઉત્તમ વ્યવહારોની સહાયથી એવા મહાન કાર્યો સાધી શકાય છે કે જે અન્ય ઉગ્ર ઉપાયો વડે કદિપણ સધાતા નથી. જસ્ટીસ રાનડેના એક મિત્ર અને સહાધ્યાયી શ્રીયુત્ માધવરાવ કુંટે હતા જેઓ એક સારા વિદ્વાન અને લાયક પુરૂષ હતા. ૧૮૮૫ ની સાલમાં જ્યારે રાનડેજી, પુનામાં જજ હતાં ત્યારે કુંટે મહાશય પણ ત્યાંજ હતા. તે દિવસોમાં ત્યાંની મ્યુનીસીપાલીટીમાં પ્રજાના ચુંટેલા મેમ્બરો મોકલવાનું આયોજન ચાલી રહ્યું હતું. રાનડેજી, એમ ઈચ્છતા હતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પોતાના નગરનો પ્રબન્ધ કરવાની યોગ્યતાવાળા સારા માણસો મ્યુનીસીપાલીટીના મેમ્બરો બને તો સારૂં. પરંતુ કુંટે મહાશય એથી વિરોદ્ધ મત ધરાવતા હતા. તેમનામાં વકતૃત્વ શક્તિ સારી હતી. તેથી દરેક લત્તામાં ફરીને રાનડેજીની વિરૂદ્ધ ભાષણો આપીને લોકોને પોતાના પક્ષમાં લીધા. રાનડેજીએ જોયું કે હવે કાર્ય બગડી જશે. જો તે વખતે તેમણે કોઇ ઉગ્ર ઉપાયનું અવલંબન લીધું હોત અથવા મૌન ધારણ કર્યું હોત તો તેનું ઘણું ખરાબ પરિણામ આવત. પરંતુ એક દિવસે તેઓ કુંટે મહાશયની એક સભામાં પહોચ્યા અને સૌની પાછળ એક ખુણામાં બેસી ગયા. તે વખતે કુંટે મહાશય ભાષણ આપી રહ્યા હતા, રાનડેજીને જોઇને પહેલાં તો કુંટે જરા ગભરાયા અને બેસી ગયા. જ્યારે સભા વિર્સજન થઇ ત્યારે રાનડેજીએ કુંટેને પ્રેમપૂર્વક કહ્યું કે 'ચાલો' ફરવા જઇએ કુંટેએ કહ્યું કે હું તમારી ગાડીમાં નહિ આવું ! એમ કહીને કુંટે તો પોતાની ગાડીમાં બેસી ગયા પરંતુ રાનડેજીએ કહ્યું ત્યારે હું તમારી ગાડીમાં બેસીશ બન્ને મહાશયો વાતો કરતાં કરતાં ઘણે દૂર ગયા અને ઘરે પાછા આવ્યા. પહેલાં બન્નેના મત-ભેદ તુટી ગયા અને પછી કોઇએ કોઇનો વિરોધ કર્યો નહિ એ વખતે રાનડેજીની થોડી હિંમત અને થોડી સહનશીલતાજ કામ લાધી હતી. ( ચાલુ. )

## "તો શું થયું ?"

( જગદીશ ગુણ ગાયા નહી.—એ રાગ. )

મહાવીર જો ન જાણ્યા,
જૈની થયા તો શું થયું ( ૩ )
સત્કાર્ય જો કર્યા ના,
ધનવંત હો તો શું થયું ? ( ૩ )
ચારિત્ર્ય જો ન પાલ્યું,
સાધુ થયે કો' શું થયું ?
નહીં જ્ઞાતિ શ્રેય સાધ્યું,
નિજ સ્વાર્થ નિત્ય શોધ્યો;
જ્ઞાતિ તણા ગૃહસ્થો,
હો કે નહોતો શું થયું ?.... ....મહાવીર.

કાન્તિલાલ જાદવજી મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિખર પરથી દ્રષ્ટિપાત.

આજે જાણે હું મહાન ગિરિરાજના ઉંચ્ચ શિખરે ચઢી જગત નિહાળી રહ્યો છું જ્યાં નીચે દૃષ્ટિપાત કરૂં છુ કે પ્રથમજ મારી સન્મુખ શ્રી શત્રુંજયનો પ્રશ્ન દેખા દે છે. ત્યાંતો હૃદયમાંથી સ્ફુરણા થઇ કે તારે અને શ્રી શત્રુંજય ગિરીરાજને શું લાગે વળગે ? તું કોણ ? જવાબમાં હું એક ભક્તજન, અને પ્રભુ સેવક, શત્રુંજય એટલે મારા પ્રભુ, મારા હૃદય મંદિરના દેવાધિદેવ. બોલો હવે મને કેમ ન લાગે વળગે. આ પ્રશ્ન સાથે જેને શત્રુંજય એટલે મારા પ્રભૂ અને હૃદય મંદિરના દેવાધિ દેવની ભાવના હોય તે બધાયને લાગે વળગે છે. શત્રુંજયના યાત્રા ત્યાગની નોબત બ બે વર્ષ વર્ષથી વાગી રહી છે. તેણે કૈંકના કાળજાં ચિંર્યાં છે, અનેક ભક્તજનની આંખમાં આંસુ લાવ્યા છે, આજે કંઇક ભક્તજનોને સુખે અનાજ પાણી પણ નહિં ભાવતું હોય, અને કંઇકને સુખે નિદ્રા પણ નહિં આવતી હોય. શાની આવે ? જ્યાં યાત્રા ત્યાગની તરવાર લટકતી હોય ત્યાં સુખ અને આનંદ કયાંથી ટકે ? જ્યારે પવિત્ર દિવસોમાં હજારો ભક્તજનો ઉપર ચઢતા હોય. અને નાનાં બાલુડાં હસતાં, રમતાં કુદતાં ત્યારે શિખર પરથીદૃષ્ટિપાત કરનારને જાણે માનસ-સરોવર તરફ હંસલાની શ્રેણી ચાલી તેમ લાગતું. આજે એ દૃષ્ટિ ખાલી વળી દુ;ખીત થઇ આતુરતાથી હંસલાની રાહ જૂવે છે.

* * * *

અહા મેઘ રાજાની નિસીમ કૃપા (?) દૃષ્ટિએ તો ગુજરાતમાં અને ભાલમાં કાળો કેર વર્તાવ્યો. પણ તેની કસોટી ખુબ થઇ. ગુજરાત જાગ્યું અને મદદ પણ સારી મળી. ગુજરાતની બહારવસનારા ગુજરાતીઓએ ગુજરાત ઉપર લક્ષ્મીની વૃષ્ટિ વરસાવી દીધી. તેમનું દુઃખ મટાડવા યથા શક્તિ પ્રયત્ન કર્યો છે પણ આપણા જૈન ભાઇઓનું શું ? તેમની શું પરિસ્થિતિ છે તેની કોઇને ખબર છે ? ખેડા જીલ્લો અને તેમાંય માતર તાલુકો, અમદાવાદ જીલ્લો, ભાલ પ્રાંત અને કાઠિયાવાડમાં વસતા જૈનોની શું દશા છે ? તેની કોઇએ તપાસ કરી છે ? હા, એક સુરતી ઝવેરી મંડળ માત્ર ગુજરાતમાં જઇ આવી હૃદય ભેદક સમાચાર બહાર મુકે છે પણ તે દુઃખ મટાડવા શું કર્યું છે ? આ વખતે જે જાહેર ફંડ થયાં છે તેમાં હજારો રૂપિયા જૈનોએ આપ્યા છે. એકંદર ઘણો ફાળો જૈનોનો છે. અને તે દાનવીરતા બદલ ખરેખર જૈનોને ધન્યવાદ ઘટે છે; પરન્તુ આપણા જાતિભાઇઓ તરફ કોણે દૃષ્ટિપાત કર્યો છે ? આજે હજારો જૈનો નિરાધાર ઘરબાર વગરના થઇ પડયા છે. તેમને રહેવા ઘર નથી કે ખાવા પુરતું અનાજ નથી. અને પહેરવા પુરાં વસ્ત્ર પણ નથી, અને જૈન જેવી મોટી માન મરતબાવાળી સમાજ હાથ લંબાવે એ તદ્દન અશકય છે. આમાં મધ્યમ સ્થિતિના જૈનોની પુરેપુરી કમબખ્તી બેઠી છે. મેઘરાજાની મહેરબાની (?) ઘરબાર પડી ગયાં હોય ઘરમાં આઠ દશ જણુ હોય અને એક જણુ કમાવનાર હોય, તેનાથી હાથ તો લાંબો થાય નહિં ઘરમાં ખુણે બેસી આંસુ પાડે પરન્તુ તેને લુછનાર કોણ છે ? તોજૈન સમાજના નેતાઓનું અને સેવાભાવી યુવક મંડળોનું લક્ષ્ય ખેંચું છું કે લગાર જાગી તમારી આજુ બાજુની સ્થિતિ નીહાળી આમ અનાયાસે મળેલ સેવા ધર્મને બરાબર બજાવો ને હાથ ન લંબાવી શકતા જૈનોને ગુપ્ત દાન કે લોન તરીકે યોગ્ય મદદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી દુઃખમાંથી બચાવો. ભૂખે ધર્માન્તર થતા અટકાવો, અને અકાળે કાળના ગ્રાસ થતા જૈનોને બચાવો. ઓ લક્ષ્મીવાનો તમારી લક્ષ્મી તમારા જાતિભાઈના ઉદ્ધાર અર્થે વિના સંકોચે વાપરો અને સુપાત્રદાનનું મહદ્ પુણ્ય ઉપાર્જન કરો. સંઘનું એ એક અંગ છે. સાતક્ષેત્રમાં તેનું સ્થાન છે. તે સુખી હશે તો ધર્મ કરશે અને બીજાં ક્ષેત્રોનું પોષણ પણ આપશે. અમદાવાદમાં આ સંબંધી પ્રયાસ થયો સાંભળ્યો છે. પણ જેમ સૌરાષ્ટ્રના સેવાપ્રેમી તંત્રી ગામડાંઓમાં ફરી સ્વયંસેવકોને મોકલી જે અનૂપમ મદદ પહોંચાડી રહ્યા છે તેવું આપણા માટે પણ થવું જરૂરી છે.

* * * *

આ માસમાં શ્રી સિદ્ધચક્રની આરાધનાના પવિત્ર દિવસો આવે છે. આ પવિત્ર દિવસોનું મહાત્મ્ય અપૂર્વ છે છતાં આપણે અત્યારે બે દૃષ્ટિએ વિચાર કરીએ. ધાર્મિક દૃષ્ટિ અને આરોગ્ય દૃષ્ટિએ. ધાર્મિક દૃષ્ટિએ શ્રી શ્રીપાલ રાજાનું ઉજ્વલ દૃષ્ટાંન્ત મોજુદ છે. તેમજ શ્રી સિદ્ધચક્રની આરાધનાથી સમ્યક્ત શુદ્ધિ થાય છે. આરોગ્યની દૃષ્ટિએ તો આસો મહીનો રોગનું ઘર કહેવાય છે. **શતં શરદઃ જીવ** એનું એજ કારણ છે આ ઋતુમાં અતિશય પૌષ્ટિક ખોરાક અને નવી તાજી શાક ભાજી પીત્તકર—રોગ કર છે. માટે વિગયના ત્યાગથી અને સાદા ખોરાકથી આરોગ્ય સુધરે છે તેમજ સિદ્ધચક્રના આરાધનથી બીજા પણ અપૂર્વ લાભ થાય છે તેનાથી મહા રોગો મટે છે એવા અનેક દાખલા વિદ્યમાન છે. માટે દરેક જૈને વિધિ પૂર્વ આ મહાન્ તપની આરાધના કરવી કે જેથી આત્મ કલ્યાણ—આત્મ શુદ્ધિ અને શરીર શુદ્ધિ પણ થાય.

* * * *

આર્યાવર્તની એક મહાન્ વિભૂતિ, આર્યાવર્તને અહિંસા, સત્ય, અચૌર્ય, અને બ્રહ્મચર્ય-આદિના સિદ્ધાંતો પહોંચાડનાર, આર્યાવર્તનો મહાન્ ઉદ્ધાર કરનાર એક પરમ વિભૂતિ આ માસમાં આજથી અઢી હજાર વર્ષ પૂર્વે **પરમપદ–નિર્વાણ** પદ પામી હતી. એ વિભૂતિ તે બીજી કોઇ નહિં જગત્ **પિતામહ** પરમ કારૂણીક **શ્રી મહાવીર** દેવ. આજે તેમની યાદગીરીમાં **દીવાલીકા પર્વ** ઉજવાય છે. આ મહાન પર્વ માત્ર મોજ વિલાસનું સાધન ન હોઇ શકે પણ સાચી આત્મ શુદ્ધિનુંજ પર્વ છે. અત્યારે તો આપણે ધર્મ ભાવનાના બદલે તેને મોજ વિલાસના પર્વ તરીકે પાળીએ છીએ. ઘણા ધર્માત્માઓ તે પવિત્ર દિવસોમાં તપશ્ચર્યા કરે છે પરંતુ બાકી દારૂખાના પાછળ અને મોજ વિલાસ પાછળ લક્ષ્મી અને દેહની બલિદાન આપી ખાનાખરાબી કરીએ છીએ. એ **મહાન્ વિભૂતિનો આદર્શ દૃષ્ટિ સન્મુખ રાખી, તેમના પગલે ચાલવામાં, તેમના સિદ્ધાંતો હૃદયમાં ઉતારવામાં અને તેમના સિદ્ધાંતો પાળવામાંજ આ પર્વનું ખરૂં મહાત્મ્ય છે.**

* * * *

**તૂલનાત્મક દૃષ્ટિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન સમાચાર

શ્રી વિજયધર્મ પ્રકાશ સભાનો ચતુર્થ વાર્ષિક મહોત્સવ ભાદરવા શુદ ૧૫ ના રોજ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળામાં પ્રોફેસર રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક એમ૦ એ૦ ના પ્રમુખપણા નીચે સવારના આઠ કલાકે કરવામાં આવ્યો હતો. પ્રથમ વક્તૃત્વની હરીફાઇ થતાં નવ હરીફોએ ભાગ લીધો હતો, જેમાં ત્રણ વિદ્યાર્થીઓને રૂા. ૬–૪–૩ ગ્રંથો સાથે ઇનામો આપવામાં આવ્યાં હતો. તેમજ જૈનધર્મના અનુયાયીઓ કેમ વધે ? તેના નિબંધની હરીફાઇ માટે ચાર નિબંધ લખનારને ઇનામો પણ આપવામાં આવ્યા હતા ત્યાર બાદ સભાના મંત્રીએ રીપોર્ટ રજુ કર્યો હતો ત્યાર બાદ જુદા જુદા વકતાએ વિવેચન કર્યા બાદ પં. જગજીવનદાસે પ્રમુખ આદિ સર્વનો ઉપકાર માન્યા બાદ સભા વિસરજન થઇ હતી.

---

**શ્રી વડવા જૈન મિત્ર મંડળનો વાર્ષિક મહોત્સવ:**—બીજો આશો શુદ ૧૦ ના રોજ દોશી જીવરાજભાઇ ઓધવજી બી, એ, એલ, એલ, બી ના પ્રમુખપણા નીચે વડવા ઉપાશ્રયમાં ઉજવવામાં આવ્યો હતો. આ મંડળના સેક્રેટરી મી૦ હરિલાલ દેવચંદ શેઠે મંડળની સ્થાપના, ઉદ્દેશ અને આખા વર્ષની કાર્યવાહીનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ જુદા જુદા વકતાઓએ આ મંડળની ઉત્તમ કાર્યવાહી માટે વિવેચનો કર્યા હતા. છેવટે પ્રમુખશ્રીએ આ મેળાવડા માટે સંતોષ અને ન્યાય આપ્યો હતો. વગર આડંબરે, સતત્ પ્રયત્ને, અને ઐક્યતાથી આ મંડળ સમાજ સેવાના કાર્યો અને પોતાની પ્રગતિ કર્યે જાય છે. માંદાની માવજતના સેવાના ઉત્તમ કાર્યવાહી જોઇ શેઠ ઝવેરભાઇ ભાઇચંદે રૂા. ૨૫) તે કાર્ય માટે આ મંડળને ભેટ આપ્યા છે. અત્રેના જૈન સમાજે બધી પ્રકારે તે મંડળને સહાયની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

### આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસુરિશ્વરજી મહારાજની જયંતી.

આસો શુદ ૧૦ ના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસતીથી હોવાથી શ્રીજૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી નવપદજી મહારાજની પૂજા ભાવના પૂર્વક ભણાવવામાં આવી હતી સાથે પરમાત્માની આંગી રચાવવામાં આવી હતી. બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષ મુજબ કરવામાં આવ્યું હતું.

## સ્વીકાર અને સમાલોચના.

**વિશ્વ રચના પ્રબંધ**—લેખક મુનિરાજ **શ્રી દર્શનવિજયજી મહારાજ.** કિંમત રૂા. ૧–૮–૦ જૈન સાહિત્યના વિવિધ વિષયોના ગ્રંથો ભાષામાં ઘણા પ્રગટ થાય છે પરંતુ જૈન ભુગોળ વિષયક ગ્રંથ ભાગ્યેજ પ્રગટ થાય છે, જેથી આ ભૂગોળ વિષયક ગ્રંથ પ્રકટ થતાં જૈન સાહિત્ય પ્રકાશનમાં એક અતિ ઉપયોગી અને આવશ્યક ગ્રંથનો ઉમેરો થાય છે તે ખુશી થવા જેવું છે. ભુગોળ વિષયક ગ્રંથ લખવાનું કાર્ય ઘણું વિકટ છે. તેના લેખક મહાત્માએ ઘણીજ શોધખોળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અનેક આગમો અને અન્ય ગ્રંથો તથા જૈનેતર ગ્રંથો વાંચી, વિચારીને, સંગ્રહીને, આ ગ્રંથ લખ્યો છે જેથી તે પ્રમાણભૂત થયો છે એમ કહેવામાં અતિશ્યોકિત નથી. પ્રથમ કટકે કટકે આ માસિકમાં તે લેખ આવ્યા પછી તેને સુધારી આ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે, વેદ, સ્મૃતિ, અને પાશ્ચિમાત્ય ભૂગોળ વિષયક ગ્રંથોમાં જગત રચના વગેરે માટે શું કહે છે, તેના ત્યાંથી ઉતારા આપી જૈન શાસ્ત્રમાં જણાવેલ ભુગોળના વિષયને સિદ્ધ કર્યો છે. એકંદર રીતે લેખક મહાત્માએ ઘણોજ પ્રયત્ન કરી આ ગ્રંથ લખી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. ગ્રંથ ખાસ મનનીય છે. લેખક મુનિ મહારાજે આ ગ્રંથ પોતાના પૂજ્ય ગુરૂ શ્રી ચારિત્રવિજયજીના સ્મારક તરીકે, ( પુ. ૧૧ ) પ્રગટ કરી અને તેના ગુરૂશ્રીની છબી આપી ગુરૂ ભકિત બતાવી છે. પ્રકાશક કોઠારી ભીખાભાઇ ભૂધરભાઇ વઢવાણકાંપ. ( મળવાનું ઠેકાણું. )

---

૨ **દિનશુદ્ધિ-દીપિકા અને વિશ્વ પ્રભા.** સંપાદક મુનિરાજ **શ્રી જ્ઞાનવિજયજી** મહારાજ. શ્રી ચારિત્રવિજયજી સ્મારક સિરિઝનો બારમો જ્યોતિષ વિષયક ગ્રંથ. દિન શુદ્ધિ ગ્રંથના મૂળ કર્ત્તા શ્રીરત્નશેખરસૂરિ છે કે જેઓએ પંચાંગ શુદ્ધિથી–દિવસ જોવા માટે લક્ષ્ય રાખી ( લગ્ન વિષય સિવાયની ) રચના કરી છે તે દિન શુદ્ધિ દીપિકાનું તેજ લઇને વિશ્વપ્રભાનો વિસ્તાર (બંનેના ભાષામાં) મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજે કરી તેની રચના આ ગ્રંથમાં કરી છે. જૈન દર્શનના ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ વિગેરે વિષયોને માટે શોધખોળ અને પ્રયત્ન કરી (અને જ્યોતિષ સંબંધી ખાસ અભ્યાસ કરી ) આવી કૃતિઓ જૈન સમાજ પાસે મૂકી તેના ઉપર લેખક મહાત્માએ ખરેખર ઉપકાર કર્યો છે. જૈન જ્યોતિષ વિષયના આગમો તથા ગ્રંથો મળી વીશ ગ્રંથોનું અધ્યયન કરી આ ગ્રંથની રચના કરવામાં આવી છે, તેમ તેની પ્રસ્તાવના પરથી જણાય છે જેથી આ ગ્રંથ ખરેખર ઉપયોગી અને પ્રમાણભૂત બને તે સ્વભાવિક છે. ગ્રંથની અંદરની અનેક વસ્તુઓ સિદ્ધ કરવા પૂર્વાચાર્યોકૃત જ્યોતિષના અન્ય ગ્રંથોની સાક્ષત આપી તે તે વસ્તુને સિદ્ધ કરી છે. આ ગ્રંથ પ્રકટ થવાથી જૈન જ્યોતિષ સાહિત્યના ગ્રંથમાં એક આવકારદાયક ઉમેરો થયો છે. ગ્રંથ ખાસ વાંચવા લાયક અને અનુભવ કરવા જેવો છે.

---

**જૈન લેખસંગ્રહ**–દ્વિતીયખંડ. સંગ્રહકર્ત્તા **બાબુસાહેબ પૂરણચંદજી નાહર એમ.** એ. બી. એલ. કલકતા નં. ૪૮ ઇંડીયન મીરર સ્ટ્રીટ કલકત્તા. ૧૧૧૧ જુદા જુદા શહેર યાને ગામના જૈન મંદિર અને પ્રતિમાજીના લેખો સંગ્રહ કરી આ બીજો ખંડ લેખક મહાશયે ઐતિહાસિક દ્દષ્ટિએ તૈયાર કરી પ્રકટ કર્યો છે. ઇતિહાસવેત્તાઓ અને જૈન દર્શન માટે એક અતિ ઉપયોગી ચીજ છે. તન મન અને ધનનો સંપૂર્ણ છુટથી ઉપયોગ કરી, આ લેખ સંગ્રહ તૈયાર કરવામાં આવેલ છે એમ તેની કૃતિ પરથી ને વાંચતા જણાય છે, અત્યારે જ્યાં આપણા શ્વેતાંબરી તીર્થો પ્રાચીન વખતની માલેકી હકવાળા છે, ત્યાં દીગંબરી બંધુઓ પોતાની માલેકી કે હક વગર ઘુસવાનો દાવો ધરાવી કલેશ ઉભા કરી કોર્ટો કેશો દાખલ કરે છે, ત્યાં આવા લેખોનો સંગ્રહ માલેકી હક માટે એક ચોકસ પુરાવો છે. આ લેખ સંગ્રહમાં લેખોમાં આવેલા ગામ અને ત્યાંના મંદિરોના નામો તેમજ પ્રતિષ્ઠા સ્થાન, રાજાઓ, અને છેવટ આચાર્યો, ગચ્છો, તથા સંવત, શ્રાવકોની જ્ઞાતિ–ગોત્રાદિ અને દિગંબરી સંઘનું સૂચિપત્ર આપી ખરેખર એક ઐતિહાસિક ઉપયોગી સાહિત્યમાં લેખક મહાશય ઉમેરો કર્યો છે. વિશેષ કેટલાક ઉપયોગી ચિત્રો આપી તેની આવશ્યકતામાં વૃદ્ધિ કરી છે. આ ગ્રંથના લેખક બાબુસાહેબ પૂરણચંદજી નાહર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ. એ. બી.. એલ, એક વિદ્વાન નર રત્ન અને લક્ષ્મી સરસ્વતીનો સંયોગ એકીસાથે તેમના થયેલો છતાં જૈન ઇતિહાસ અને તેને અંગે શોધ ખોળ કરવાનો પ્રેમ ધરાવનાર હોઇ તે માટે પુષ્કળ દ્રવ્ય ખર્ચી ઇતિહાસિક જૈન સાહિત્ય પોતાથી પ્રગટ કરે છે. જેથી તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ઇતિહાસ પ્રેમીએ,એ આ ગ્રંથ પઠન પાઠન કરવા જેવો છે.

# પુસ્તક પહોંચ.

**જીત કલ્પ સૂત્રમ્**—વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાવાદ તરફથી.

**નિત્ય નિયમની ભાવના**—ચેલાભાઇ પ્રાણલાલ શાહ કલોલ. કીં. રૂા. ૦–૨–૦

**ન્યાય પ્રવેશ ભાગ ૨ જો**—પ્રકાશક ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ વડોદરા કીં. ૧–૮–૦

**શ્રી આનન્દ કાવ્ય મહોદધી મૌતિક ૭ મું.**—પ્રકાશક શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ મુંબઇ કીં. ૧–૮–૦

**શ્રી જયાનંદ કેવળી ચરિત્ર ભાષાન્તર**—પ્રકાશક શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર. કી. ૩–૦–૦

**હિંદુસ્તાનનો શાળોપયોગી ઇતિહાસ**—લેખક કેશવલાલ હિંમતલાલ કામકાર. એમ. એ. તરફથી કીં. રૂા, ૨–૦–૦.

**સેવા સમાજ વઢવાણ કાંપ સં. ૧૯૭૬ થી સં. ૧૯૮૨ બીજો રીપોર્ટ**—સેવા સમાજ વઢવાણ કાંપ.

**'અહિંસા.'** ( હીંદી )—પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી. અંબાલા ( પંજાબ ) કીં. રૂા. ૦–૧–૦

**શ્રી હિરવિજયજીસૂરિ સ્તુતિ** (હીંદી)—પ્રકાશક શ્રી જૈન આત્માનંદ ટ્રેક્ટ સોસાયટી અંબાલા ( પંજાબ ) કીં. રૂા. ૦–૦–૬

**શ્રાદ્ધગુણ વિવરણ ભાગ અગ્યારમો** (હીંદી)—પ્રકાશક શ્રી જૈન આત્માનંદ ટ્રેક્ટ સોસાયટી અંબાલા.

**શ્રી જીવભેદ નિરૂપણ**—લેખક વ્યા. વા. શ્રી યતેન્દ્રવિજયજી મહારાજ મુલ્ય. પઠન પાઠન.

**સિન્દૂર પ્રકર કીંવા સુક્તિ મુક્તાવલી**—લેખક. માવજી દામજી શાહ ધાર્મીક શિક્ષક બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ મંગાવનારે પોસ્ટ ખર્ચના અર્ધા આનાની ટીકીટ બીડવી.

ઉપરના પુસ્તકો ભેટ મળ્યા છે. તે આભાર સાથે સ્વીકારીયે છીયે.

## સુચના.

**શ્રી પાટણ ચૈત્ય પરિપાટી.—**

સાધુ સાધ્વી તથા જ્ઞાન ભંડારોને શ્રી અમદાવાદ લુણસાવાડો મોટી પોળના જ્ઞાનખાતા તરફથી ભેટ આપવાની છે. મંગાવનારે સુતરીયા જેસંગભાઇ છોટાલાલ લુણસાવાડો મોટી પોળના જ્ઞાન ભંડારના સીરનામે બે આનાની ટીકીટ બીડવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોષ્ટેજ જુદું. શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


## સુચના.

આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ શ્રી નવતત્ત્વનો સુંદર બોધ, શ્રી જીવવિચાર વૃત્તિ તથા શ્રી દંડક વિચાર વૃત્તિ આ ત્રણ ગ્રંથો ( મૂળ, ભાષ્ય અને ભાષાંતર સાથે ) જૈન પાઠશાળા, કન્યાશાળા, વિદ્યાશાળામાં ખાસ ચલાવવા યોગ્ય તેમજ ધાર્મિક શિક્ષણ માટેની અતિ ઉપયોગી હોઇ તે ત્રણ બુકો આ સભા તરફથી તેવી ધાર્મિક શાળાઓને ભેટ આપવાની છે. ત્રણ વર્ષ કરતાં વધારે વર્ષ થયા ચાલતી કોઇપણ શાળાઓના વ્યવસ્થાપકોએ તે તે ગામના મુખ્ય અગ્રેસરની લેખીત ભલામણ મોકલવાથી ( શીખનારની સંખ્યા સાથે લખી મોકલવાથી ) માત્ર પારસલ કે પોસ્ટ ખર્ચ લઇ ભેટ મોકલવામાં આવશે.

## નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ મેતા દેવચંદ હરખચંદ | પુના | પે. વ. લા. મે. |
| ૨ ગાંધી અભયચંદ ભગવાનદાસ ( શ્રી ચન્દ્રવિજયજી મહારાજના ભંડાર વતી ) | ભાવનગર | બી. વ. લા. મે. |
| ૩ ઠાર છોટાલાલ હીરાચંદ | ,, | ,, |
| ૪ શા. નાથુભાઇ છોટલાલ | સુરત | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ પ્રતિબોધ-ભાષાંતર.

અખિલ વિદ્યાપારંગત, સકલશાસ્ત્રનિષ્ણાત, જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય **રાજા કુમારપાળ મહારાજને** સમયે સમયે જૈનધર્મનો બોધ, વિવિધ વ્યાખ્યાનદ્વારા તે તે વિષયોની અનેક સુંદર રસિક કથાઓ સહિત આપેલ, કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈનધર્મનો સ્વીકાર ( શિવધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો, અને સનાતન જૈનધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે કરેલ જિન ધર્મની અતુલ પ્રભાવના, વગડાવેલ જીવદયાનો ( અહિંસા ધર્મનો ) ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્યપાલના ), નૃપતિની ઉચ્ચ ભાવના, નિત્ય સ્મરણ વગેરે અનેક બનાવો આ સર્વ સરલ, સુંદર, રસિક, હોવાથી દરેક વાંચકના હૃદય ઓતપ્રોત થઇ જતાં વૈરાગ્ય રસથી આત્મા છલકાઇ જઇ મોક્ષનો અભિલાષી બને છે. આ ગ્રંથ જૈનેતર વાંચે તો જૈન બની જાય, તો જૈન કુળમાં જન્મેલ વાંચતાં પરમ જૈન બને તે નિર્વિવાદ છે.

સાહિત્યના સાગરના તરંગોને ઉછાળનાર, શાંત રસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય-જનોને રસભર કથાઓના પાન સાથે, સત્ય ઉપદેશ અને સદ્‌જ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર, આ ગ્રંથના લેખક શ્રી સોમપ્રભાચાર્ય મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન ( હૈયાત ) હતા. આ ગ્રંથ કુમારપાળ રાજાના સ્વર્ગવાસ પછી ૧૧ મે વર્ષેજ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તેજ સત્ય પુરાવો છે.

આ ગ્રંથના પઠન પાઠનથી મહામંગળરૂપ ધર્મ, તેની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનની ભાવનાઓ પ્રગટ થતાં નિર્મળ સમ્યક્ત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રકટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે, કે જે શેઠ શ્રી નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સીરીઝ તરીકે ( મદદવડે ) છપાયેલ છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી તથા પરમાર્હત કુમારપાળ મહારાજા બંને મહા પુરૂષોની વિવિધ રંગોથી ભરપૂર છબીઓ કલાની દૃષ્ટિએ મોટો ખર્ચ કરી બહુજ સુંદર, આકર્ષક, જિજ્ઞાસુઓને દર્શન કરવાની અભિલાષા પૂર્ણ કરવા માટે તૈયાર કરાવી આ ગ્રંથમાં દાખલ કરેલ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપોથી છપાવી, સુશોભિત કપડાના પાકા બાઇડીંગથી બંધાવી આ અમુલ્ય ગ્રંથને અલંકાર રૂપે તૈયાર કરેલ છે. સુમારે સાઠ ફોર્મ રોયલ સાઇઝ આઠપેજી પાંચસેંહ પાનાના આ ગ્રંથની રૂા. ૩-૧૨-૦ પોણાચાર રૂપૈયા કિંમત રાખેલ છે. જૈન નામ ધરાવનારા કોઇ પણ બંધુ બ્હેનના ગૃહમાં, નિવાસ સ્થાનમાં અને નિરંતર અભ્યાસ માટે પોતા પાસે આ ગ્રંથ હોવોજ જોઇએ.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only